
# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૮ * અંક-૬ * ફેબ્રુઆરી, ૨૦૨૫



શ્રી જમ્બૂદ્વીપ સ્થિત શાશ્વત જિનેન્દ્રાદિ ભગવંતો અને શ્રી બાહુબલી મુનીન્દ્ર પ્રતિષ્ઠાનો પ્રથમ વાર્ષિક મહોત્સવ

## શ્રી બાહુબલી મુનીન્દ્ર મહામસ્તકાભિષેક



શ્રી પાર્શ્વનાથ ભગવાન શ્રી સીમંધર ભગવાન શ્રી ધાતકી વિદેહસ્થ ભાવી ભગવાન

# પ્રતિષ્ઠા મહોત્સવ પ્રથમ વાર્ષિક દિન



શ્રી વાસુપૂજ્ય ભગવાન શ્રી મલ્લિનાથ ભગવાન શ્રી નેમિનાથ ભગવાન શ્રી પાર્શ્વનાથ ભગવાન શ્રી મહાવીર ભગવાન

વર્ષ–૧૯
અંક–૬




વિ. સંવત
૨૦૮૧
February
A.D. 2025



## પરમાગમ શ્રી પ્રવચનસાર શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




(ગાથા-૫૯ના પ્રવચનમાંથી)

### કેવળજ્ઞાન તે જ સુખ છે

ઘણા જીવો નમસ્કાર મંત્ર બોલે છે. નવ લખ નમસ્કાર મંત્રના જાપ જપે છે પણ તેનો ભાવ સમજ્યા વગર સમ્યગ્દર્શન કે સુખ થતું નથી. તે મંત્રના પહેલાં પદમાં ''નમો અરિહંતાણં'' એ પદ આવે છે. અરિહંતનું સ્વરૂપ એટલે કેવળજ્ઞાનીનું સ્વરૂપ કેવું હોય તે જાણવું જોઈએ.

જેણે મિથ્યાત્વ, અજ્ઞાન, રાગ ને દ્વેષનો સર્વથા પ્રકારે નાશ કરી સર્વજ્ઞપણું પોતામાં પ્રગટ કર્યું તેને અરિહંત કહેવાય છે. તેમ જે જીવ પોતાનો સ્વભાવ શુદ્ધ છે એવી શ્રદ્ધા કરી પર્યાયમાં થતાં મિથ્યાત્વ, રાગ-દ્વેષ ને અજ્ઞાનનો નાશ કરી પૂર્ણ વિકાસ કરી શકે એમ છે એવી શ્રદ્ધા-જ્ઞાન કરે તો તે અરિહંત ભગવાનને સાચો નમ્યો કહેવાય ને નમસ્કાર મંત્ર સાચો શીખ્યો કહેવાય.

તે કેવળજ્ઞાન સુખરૂપ છે એ આ ગાથામાં જ્ઞાન સાથે અવિનાભાવી સુખને અભેદ કહીને વર્ણન કર્યું છે.

(૧) વિકારનું પરિણમન દુઃખ હોઈ શકે પણ કેવળજ્ઞાનમાં વિકાર હોતો નથી જેથી ત્યાં સુખ છે ને તે સુખરૂપ પરિણમન થઈ રહ્યું છે કેવળજ્ઞાન પલટે છે પણ તેમાં

દુઃખ નથી. આનંદનો એવો ને એવો નવો નવો પર્યાય પ્રગટી રહ્યો છે.

અજ્ઞાનીને ખેદના સ્થાનો ઘાતિકર્મો છે એમ કીધું છે એ કથન વ્યવહારનું (નિમિત્તનું) છે. મિથ્યા અવસ્થામાં જીવના મોહના પરિણામ તે જ ખેદના કારણ છે. અજ્ઞાની જીવ શરીર મારૂં, પૈસા મારા, કુટુંબ મારા એમ માને છે. દરેક પદાર્થ પ્રત્યે મમતા કરી સારા નરસાની બુદ્ધિ કરે છે, પુણ્યના ભાવ હોય તો લાભ થાય, પુણ્ય કરતાં, કરતાં હળવે હળવે ધર્મ થશે એમ અજ્ઞાની માને છે. જેમ ધતુરો પીધેલ માણસને બહારના પદાર્થો રાતા-પીળા ભાસે ને જેવા હોય તેવા ભાસે નહિ તથા દારૂના ઘેનમાં પોતાની સ્ત્રીને મા કહે ને માને સ્ત્રી કહે છે તેમ અજ્ઞાની જીવ શરીર સારૂ હોય તો ધર્મ થાય, કર્મ મને હેરાન કરે છે, પુણ્યથી લાભ થશે એવી માન્યતારૂપી મહાન દારૂ પીધો છે, અતત્‌માં તત્‌ બુદ્ધિ કરે છે એટલે કે પોતાનું સ્વરૂપ પરપદાર્થો ને પરભાવમાં માને છે ને પરનું સ્વરૂપ પોતામાં માને છે. આવા મહામોહના પરિણામ જીવ પોતે ઊભા કરે છે. બહારના પદાર્થોને ઈષ્ટ અનિષ્ટ માની થાકી જાય છે ને ખેદ કર્યા જ કરે છે.

અજ્ઞાની જીવ જ્ઞેય પદાર્થને રાગનું કારણ માને છે તથા કોઈ સગાના મૃત્યુનું કે અકસ્માતનું જ્ઞાન થયું માટે રાગ થયો એમ માને છે. આવા મોહના પરિણામ જીવ જ્યારે કરે ત્યારે ઘાતિકર્મો (નિમિત્ત) સ્વયં ઉદયરૂપે હોય છે એટલે કર્મોએ અજ્ઞાની જીવોને મોહ કરાવ્યો એમ ઉપચારથી કથન કહેવામાં આવે છે.

સમ્યક્‌દૃષ્ટિ જીવો પરજ્ઞેયોને રાગનું કારણ માનતા નથી તેમજ બહારના સંયોગી વિયોગી પદાર્થોના જ્ઞાનને રાગનું કારણ માનતા નથી. અસ્થિરતામાં પોતાની નબળાઈને લીધે રાગ થાય છે તેટલું અંશે અલ્પ અસ્થિરતાનું દુઃખ છે. કેવળી ભગવાનને પરિપૂર્ણ જ્ઞાન પ્રગટી ગયું છે, સર્વ પ્રકારે સમાધાન વર્તે છે.

કેવળી ભગવાનને તત્‌માં અતત્‌બુદ્ધિ ટળી ગઈ છે ને સાધકદશામાં નબળાઈને લીધે અલ્પખેદ થતો તે અલ્પખેદ પણ કેવળી ભગવાનને હોતો નથી કેવળી ભગવાન પૂરેપૂરા સુખી છે. કેવળજ્ઞાન આનંદરૂપે વણાઈ ગયું છે.

મહાવિદેહક્ષેત્રમાં ક્રોડપૂર્વનો આયુષ્યવાળો જીવ તેની પાંચમી પેઢીનો નાનો બાળક ગુજરી જતાં ખેદ કરતો નથી કારણ તે ઘણો વસ્તારી ને ઘરડો થયો છે. ઘણા માણસોનો વસ્તાર તેમાં કોનો ખેદ કરે, તેમ કેવળજ્ઞાન પક્વ થઈને જ્ઞાનવૃદ્ધ થયું છે,

શુક્‌લધ્યાન દીપક જગાયા પ્રભુને,<br>
હરા તમ કુબોધં સ્વયં જ્ઞાનભૂને. ૩૭

જગતમાં શું શું થયું, શું થાય છે ને શું થશે? તેવા અનંત જ્ઞેયો પોતામાં જણાઈ ગયા છે, કોઈ અકસ્માત કે અચાનક કોઈ પર્યાય બનતી નથી. (અજ્ઞાનીને ખબર નહિ હોવાના કારણે અચાનક બન્યાનું કહે છે.)

મિથ્યાત્વદશામાં એક જ્ઞેય પછી બીજા જ્ઞેયને ક્રમથી જાણવા જતા ખેદખેદ થતો જ્યારે ભગવાનને એક જ્ઞેય પછી બીજો જ્ઞેય જણાય એવું હોતું નથી. એટલે જ્ઞાનને અટકવું પડતું નથી. બધું એકીસાથે જણાવાથી જરા પણ ખેદ નથી. માટે કેવળી પ્રભુને પૂરેપુરું સુખ છે. આવી દશા પ્રગટવાથી ઘાતીકર્મોનો તેના કારણે સ્વયં નાશ થયો છે તેથી ઘાતિકર્મોના અભાવથી કેવળી ભગવાનને સુખ પ્રગટ્યું એમ કહેવામાં આવે છે.

(૨) જેમ દિવાલ ઉપર એક ચિત્ર ચિતરેલું હોય તે બધું સામાન્ય રીતે એકીસાથે જોવામાં આવે છે. તેવી રીતે ત્રણ કાળના ને ત્રણ લોકના પદાર્થો એકીસાથે ચિતરેલી ભીંતની જેમ જણાઈ જાય છે, કોઈ ચીજ આડી અવળી દેખાતી નથી. ભવિષ્યમાં શું બનશે તેવી કોઈ ચીજ કેવળજ્ઞાનની બહાર હોતી નથી. આવી દશા પ્રગટ કરવી તે સુખરૂપ છે.

કોઈ પ્રશ્ન કરે કે તેરમા ગુણસ્થાનની વાત શું કામ કરો છો? તેનો જવાબ એ છે કે સંસારમાં થોડી મૂડીવાળો મોટી મૂડી મેળવવાના ભાવ કરે છે તેમ અહીં પણ મુમુક્ષુ જીવ ચૈતન્યના ભાન સહિત કેવળજ્ઞાન પ્રગટાવવાની ભાવના ભાવે છે. આવું સાચું જ્ઞાન કરે તો અકસ્માત કાંઈ બનતું નથી એમ શ્રદ્ધા કરે ને પર પદાર્થમાં અથવા શાતા-અશાતાના પ્રસંગે આમ કર્યું હોત તો આમ ઠીક થાત એવી પરપદાર્થોને ઠીકાઠીક કરવાનો ખદબદાટ મટીને શાંતિ થાય.

સંસારમાં પણ પોતાના દીકરાએ અશાતાના ઉદય વખતે અમુક રૂપિયા સટ્ટામાં ખોયા હોય તેની ખબર પડે તો વિચાર કરે કે છોકરાને ઠપકો આપીશ તો છોકરો લાજનો માર્યો આપઘાત કરશે માટે તેમ કરવું ઠીક નહીં. રૂપિયા ખોટમાં ગયા તો છોકરાનાં ભાગે એટલા ઓછા આવશે. વધારે હતા તો બધા રૂપિયા તેના હતા ને ઓછા થયા તો તેના છે, રૂપિયા મારા નથી મારે તો બધા તેને જ આપી દેવાના હતા. અગર કોઈ જીવ સમાધાન ન કરે તો રૂપિયા મારા ગયા એમ કરી આકુળતા વેદે છે. બીજો જીવ રૂપિયા છોકરાના ગયા કરી આકુળતા મંદ કરે છે.

**स्वमत श्रेष्ठताका धरैं मद प्रवादी,**
**सुनें जिनवचनको तजें मद कुवादी;**

બંનેને સંયોગો એના એજ છે છતાં સાધારણ લૌકિક સમાધાન કરે છે આમ પરલક્ષે એક અગવડતાના પ્રસંગે સમાધાન કરવાની જીવમાં તાકાત છે તો અનંત અગવડતા આવવા છતાં જીવમાં સ્વલક્ષે સમાધાન કરવાની અનંત તાકાત રહેલી છે.

સંયોગો જીવને પ્રતિકૂળ નથી. સંયોગોનું જ્ઞાન સ્વભાવને પ્રતિકૂળ નથી. પ્રતિકૂળતા, અનુકૂળતા જ્ઞાનમાં છે જ નહિ. જ્ઞેયોમાં પણ પ્રતિકૂળતા અનુકૂળતા છે જ નહિ. આમ જ્યારે જીવ પૂરેપૂરું સમાધાન કરે ને બધી અવસ્થા ઉપરથી લક્ષ ઉઠાવી પોતે જ્ઞાતા-દૃષ્ટા થઈ જાય તો સમાધાન ને શાંતિ થાય એમ છે. કારણ સ્વભાવ પોતે જ સમાધાન સ્વરૂપ છે આવું જ્ઞાનમાં સમાધાન વર્તે તો પરનો ફેરફાર થતાં આકુળતા થાય નહિ તેવું સમાધાન ને સુખ પોતાના સ્વભાવમાંથી આવે એમ છે. જેમ કેરીના એક નાના ગોટલામાં ઘણા આંબાના વૃક્ષોને કેરીઓ ફાલવાની તાકાત છે. તેમ ચૈતન્ય સ્વભાવમાં કેવળજ્ઞાનરૂપી આંબાની કેરીઓ ફળવાની તાકાત છે તે તાકાત પરપદાર્થો, નિમિત્ત, રાગ કે અધૂરી દશામાં નથી. કેવળજ્ઞાનનું માહાત્મ્ય આવતા સ્વભાવનું માહાત્મ્ય આવે છે ને પર વસ્તુ તથા પુણ્યનું માહાત્મ્ય છૂટી જાય છે ને સ્વભાવમાં એકાગ્ર થતાં કેવળજ્ઞાન પ્રગટે છે ને તે જ સુખરૂપ છે. (ક્રમશઃ) ❋

---

(અનુસંધાન પેજ નં. ૨૨ થી ચાલુ) (એક પર્યાયમાં પરસ્પર..)

વગેરે થાય છે તે તો આત્માનો ઔદયિકભાવ છે, તે ભાવ નિશ્ચયથી આત્માનો છે, તથા કર્મ તેમાં નિમિત્ત છે. તેથી તેને કર્મ કહેવો તે ઉપચારથી તે—વ્યવહારથી છે. રાગ-દ્વેષાદિ ઉદયભાવો પણ નિશ્ચયથી આત્માના છે, કેમ કે તે આત્માની પર્યાયમાં થાય છે; તથા શરીર, કર્મ વગેરે નિશ્ચયથી જડની પરિણતિ છે તેની સાથે જીવને નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે.

દૃષ્ટિના વિષયમાં તો એમ કહેવાય કે રાગાદિ તે આત્માના છે જ નહિ, તે નિશ્ચયથી જડના છે; પણ ત્યાં દ્રવ્યદૃષ્ટિની વાત છે ને અહીં તો બે દ્રવ્યોની પૃથક્તા બતાવે છે. જે દ્રવ્યનો જે ભાવ હોય તેને તેનો કહેવો તે પણ નિશ્ચય છે. રાગને આત્માનો કહેવો તે પણ નિશ્ચય છે. રાગ નિશ્ચયથી આત્માનો છે. કર્મથી રાગ થયો એમ માનવું તે ભ્રમ છે. સંસારી જીવના જ રાગાદિ છે. કર્મના નથી. તે રાગાદિભાવને કર્મના માનવા તે ભ્રમ છે. માટે નિશ્ચયથી આમ છે ને વ્યવહારથી આમ છે—એમ એક જ વસ્તુમાં(એક જ અપેક્ષાએ) બે ભાવો માનવા તે ભ્રમ છે; પણ જુદા જુદા ભાવોની અપેક્ષાએ નયોની પ્રરૂપણા છે; માટે જે અપેક્ષાએ જે ભાવનું કથન હોય તે પ્રમાણે યથાર્થ સમજવું તે સત્ય શ્રદ્ધા છે. મિથ્યાદૃષ્ટિને અનેકાંતના સ્વરૂપની ખબર નથી. ❀

**યથા મસ્ત હાથી સુનેં સિંહગર્જન,**
**તજૈં મદ તથા મોહકા હો વિસર્જન. ૩૮**

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૩૬, ગાથા - ૩૪-૩૫)

## સ્વતંત્રતાનો ઢંઢેરો

અહીં પદ્મનંદી પંચવિંશતિના શ્લોકનો આધાર આપ્યો છે કે એવો કોઈ મોટો વજ્રપાત થાય કે નિંદાના પ્રહાર પડે કે જેના ભયથી ગભરાયેલા લોકો માર્ગ છોડીને આમ તેમ ભટકવા લાગે. એવા વજ્રપાતથી પણ અતુલ શાંતિ સંપન્ન યોગીગણ યોગથી (ધ્યાનથી) ચલાયમાન થતા નથી. આખી દુનિયા ડોલાયમાન થઈ જાય પણ મુનિરાજ પોતાની એકાગ્રતાથી ડગતા નથી માટે જ્ઞાનીને કોઈ અજ્ઞાની કરવા સમર્થ નથી.

આ ગાથામાં 'ગુરુથી જ્ઞાન થાય' એવા વ્યવહારનો પક્ષ ઢીલો પડી જાય છે એમ શિષ્યની આશંકા છે. પણ ખરેખર તો નિશ્ચય જેને પ્રગટ થાય તેને ગુરુના બહુમાન આદિનો ભાવ-વ્યવહાર આવ્યા વગર રહેતો નથી એ વાત આગળ આવશે. નિશ્ચયની સાથે વચ્ચે વ્યવહાર આવે જ. સ્વયં ગતિ કરતાં જીવ-પુદ્ગલને ધર્માસ્તિકાયનું નિમિત્ત હોય જ, તેમ સ્વયં પુરુષાર્થ કરતા જીવને ગુરુનું નિમિત્ત હોય જ. અને એ પુરુષાર્થી જીવને ગુરુનું બહુમાન-વિનય આદિના ભાવ પણ હોય જ છે.

આ ૩૫મી ગાથા બહુ ઊંચી છે. આ ગાથા ઉપરથી આપણે પહેલેથી કહીએ છીએ કે નિમિત્તો ધર્માસ્તિકાયવત્ છે. આચાર્ય પૂજ્યપાદસ્વામી આવો ઈષ્ટ ઉપદેશ કરે છે. આ જ ઈષ્ટ ઉપદેશ છે. નિમિત્તથી થાય અને નિમિત્ત ન હોય તો કાર્ય ન થાય એવો ઉપદેશ ઈષ્ટ ઉપદેશ નથી. એવું વસ્તુનું સ્વરૂપ જ નથી.

ચૈતન્યહીરો ચૈતન્યપ્રકાશથી ભરેલો છે. તેના જ્ઞાનપ્રદીપથી એટલે જ્ઞાનદીવાના પ્રકાશથી મોહરૂપી મિથ્યા અંધકારનો નાશ થઈ જાય છે. ગુરુના ઉપદેશથી, મંદકષાયથી કે કર્મો નષ્ટ થવાથી મિથ્યા અંધકાર નષ્ટ થતો નથી. એક જ્ઞાનસૂર્યથી મોહાંધકાર નષ્ટ થાય છે.

ભગવાન આત્મામાં તો જ્ઞાન અને આનંદનું રાજ છે. વીર્ય પોતાનો પ્રતાપ-બાદશાહી જાળવી રાખે છે, તે વીર્યના સામ્રાજ્યમાં બીજો કોનો પ્રવેશ હોય! જ્ઞાન,

> તુહી તીન ભૂમેં પરમપદ પ્રભુ હૈ,
> કરે કાર્ય અદ્ભુત પરમ તેજ તૂ હૈ;

આનંદ, સુખ, વીર્યસ્વરૂપ પ્રભુ પોતે જ છે તેને બહાર શરીરાદિમાં સુખ શોધવા જવું પડે તેમ નથી છતાં ભ્રમણાથી જીવ 'શરીરે સુખી તો સુખી સર્વ વાતે' એમ મિથ્યા કલ્પના કરી રહ્યો છે. પણ જેણે જ્ઞાનપ્રદીપ વડે આવી મિથ્યા કલ્પનાનો નાશ કર્યો છે તેને તેની શ્રદ્ધાથી કોઈ ડગાવી શકતું નથી.

જેને અંદરથી શ્રદ્ધા, જ્ઞાન, આનંદનું જોર છે તેને બહારમાં અગ્નિની વર્ષા થાય કે વજ્રપાત થાય કે નિંદાના પ્રહાર થાય પણ તે પોતાના શ્રદ્ધા-જ્ઞાનથી ડગતા નથી અને જેને અંદરનું જોર નથી એવા અજ્ઞાની ભયભીત થઈને ભાગવા લાગે છે.

અહીં કોઈને શંકા થાય છે કે આમાં તો નિમિત્તોનું નિરાકરણ થઈ જાય છે એટલે નિમિત્ત વિના ચાલે નહિ અને નિમિત્ત હોય તો જ કાર્ય થાય એ વાતનું આમાં ખંડન થઈ જાય છે, તેના ઉત્તરમાં અહીં મુનિરાજ કહે છે કે પોતાના હિત-અહિતના કાર્યમાં ગુરુ તથા શત્રુ આદિ તો નિમિત્તમાત્ર છે. ચૈતન્ય પ્રભુ પોતે જ પોતાને શરણરૂપ છે, ત્યાં ગુરુ શું હિત કરે ? અને પોતે પોતાના અજ્ઞાનભાવથી વેરભાવ ઊભા કરે ત્યાં શત્રુ શું કરે ? ગુરુ અને શત્રુ આદિ તો નિમિત્તમાત્ર છે.

પ્રકૃત કાર્યના ઉત્પાદમાં તથા વિધ્વંસમાં અન્ય દ્રવ્ય માત્ર નિમિત્ત છે. વાસ્તવમાં કોઈ કાર્ય થવામાં કે બગડવામાં તેની યોગ્યતા જ સાક્ષાત્ સાધક છે.

પંચાધ્યાયમાં એક શ્લોકમાં આવે છે કે દરેક દ્રવ્ય સ્વયં સત્ છે, સ્વયંથી બગડે છે અને સ્વયંથી સુધરે છે તેમાં તેને કોઈ ચીજની જરૂર નથી. ખોટા સંગથી બગડે અને સારા સંગથી સુધરે એ વ્યવહારનું કથન છે ઘડો કુંભારથી બને છે અને ઘડાને સાચવી ન રાખે તો તૂટે છે એ વાત ખોટી છે. પોતપોતાની યોગ્યતાથી જ સર્વ કાર્ય થાય છે. આ બધી દુનિયાની માન્યતાથી ઊંધી વાતો છે. તે જેમ છે તેમ સમજવી પડશે.

## નિમિત્તનું નિરાકરણ

શ્રી ઈષ્ટોપદેશની ૩૫મી ગાથા ચાલે છે.

કોઈ પણ પદાર્થના કાર્યમાં-પર્યાયના પલટવાના કાળે પોતાની યોગ્યતા ન હોય તો બીજો કોઈ પદાર્થ તે કાર્ય કરી શકતો નથી. જીવના વિકારી કે અવિકારી કોઈપણ ભાવના કાર્યકાળે જીવની પોતાની સ્વાભાવિક યોગ્યતા ન હોય તો નિમિત્ત કાંઈ કાર્ય કરી શકતું નથી.

> જગત નેત્રધારી અનંતં પ્રકાશી,
> રહે નિત સકલ દુ:ખકા તૂ વિનાશી. ૩૯

આ વાતને સિદ્ધ કરવા અભવ્ય જીવનું દૃષ્ટાંત આપ્યું છે કે અભવ્ય જીવને ગમે તેટલું સમજાવો પણ તે સમજવાને લાયક જ નથી તો નિમિત્ત તેને શું કરે ! અને ધર્મી જીવને કોઈ લાખો પ્રયત્ન વડે ધર્મથી ડગાવવા માગે તો ડગતા નથી માટે કહ્યું છે કે ખરેખર નિમિત્ત કાંઈ કરતું જ નથી પણ ઉપાદાનથી કાર્ય થાય ત્યારે જે હાજર હોય તેને નિમિત્ત કહેવાય છે.

અહીં શિષ્યને શંકા થાય કે તમે આમ કહો છો તો પછી બાહ્ય નિમિત્તનું તો આમાં નિરાકરણ થઈ જાય છે એટલે કે નિમિત્તનો કાંઈ પ્રભાવ રહેતો નથી. તેનું તો ખંડન થઈ જાય છે. તો પછી ગુરુથી જ્ઞાન થાય, શત્રુથી નુકસાન થાય એ વાત તો રહી જ નહિ. આમ શિષ્યને શંકા થતાં ગુરુ એમ કહે છે કે હા, એમ જ છે ગુરુથી જ્ઞાન થતું હોય તો તો અભવ્યને પણ સમ્યક્જ્ઞાન થવું જોઈએ અને નિમિત્તથી નુકસાન થતું હોય તો જ્ઞાનીને પણ અજ્ઞાની કરી શકાય. પણ એમ બનતું નથી.

ગુરુથી જ્ઞાન થતું નથી છતાં ગુરુની મહત્તા એટલી છે કે જ્યારે શિષ્યને પોતાના ઉપાદાનથી જ્ઞાન થાય છે ત્યારે તેને ગુરુનું બહુમાન આવ્યા વગર રહેતું નથી. નિશ્ચય હોય ત્યાં વ્યવહાર આવ્યા વગર રહેતો નથી એવી જ વસ્તુસ્થિતિ છે, પણ વ્યવહાર હોય તો નિશ્ચય થાય એ સિદ્ધાંત વિરુદ્ધ આખી વાત છે.

જીવ કે અજીવ કોઈ પણ પદાર્થના કાર્યનું ખરું કારણ એક જ છે. નિશ્ચય જ ખરું કારણ છે. વ્યવહાર તો આરોપિત કારણ છે.

નિમિત્ત પણ એક પદાર્થ છે પણ ઉપાદાનનું કાર્ય તેનાથી થતું નથી. કોઈ પણ પદાર્થની કોઈ પણ પર્યાય પોતાના કાળે પોતાથી થાય છે તેમાં સંયોગો કાંઈ ફેરફાર કરતા નથી. આચાર્યોએ સમય સમયની યોગ્યતાનું કેટલું વર્ણન કર્યું છે !

ગુરુએ જે કહ્યું તે બરાબર સમજીને શિષ્ય પ્રશ્ન કરે છે કે નિમિત્ત કાંઈ કરતું નથી તો પછી નિમિત્તનું ખંડન થઈ જાય છે. આ વિષયમાં ગુરુ જવાબ આપે છે કે કોઈ પણ વસ્તુના પ્રકૃત કાર્યમાં એટલે થવા યોગ્ય કાર્યના ઉપાદાનમાં તથા વિધ્વંસનમાં બાહ્ય વસ્તુ નિમિત્તમાત્ર છે.

જીવ વિકાર કરે છે તે પોતાની લાયકાતથી જ કરે છે તેમાં કર્મ તો નિમિત્તમાત્ર છે. તેમ શરીરમાં ઓપરેશન આદિ ક્રિયા થાય છે તેની પર્યાય પોતાના કાળે પોતાથી થાય છે તેમાં છરી આદિ સાધન તો નિમિત્તમાત્ર છે. તેનાથી ઓપરેશનનું કાંઈ કાર્ય થતું નથી.

(ક્રમશઃ) ❋

**તુંહી ચન્દ્રમા ભવિકુમુદકા વિકાશી,**
**ક્રિયા નાશ સબ દોષ મલ મેઘરાશી;**



# અધ્યાત્મ સંદેશ

(રહસ્યપૂર્ણ ચિઠ્ઠી ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

## સ્વાનુભવ તરફ ઢળતી વિચારધારા
## સ્વાનુભવ એ જ આરાધનાનો ખરો સમય છે

''મોટા નયચક્રગ્રંથમાં પણ એમ જ કહ્યું છે; યથા—

तच्चाणेसणकाले समयं बुज्झेहि जुत्तिमग्गेण ।
णो आराहणसमये पचच्चक्खो अणुहवो जम्हा ।।२६६।।

તત્ત્વના અવલોકનકાળે સમય અર્થાત્ શુદ્ધાત્માને યુક્તિમાર્ગથી અર્થાત્ નય–પ્રમાણ વડે પહેલાં જાણે, ત્યાર પછી આરાધનસમયે એટલે કે અનુભવનના કાળે તે નય–પ્રમાણ નથી; કેમ કે ત્યાં પ્રત્યક્ષ અનુભવ છે;–જેમ રત્નની ખરીદી વખતે તો અનેક વિકલ્પ કરે છે, પણ તે પ્રત્યક્ષ પહેરીએ ત્યારે વિકલ્પ નથી, પહેરવાનું સુખ જ છે.''

જુઓ, ચૈતન્યનો અનુભવ સમજાવવા માટે દાખલો પણ રત્નનો આપ્યો. ઉત્તમ વસ્તુ સમજાવવા માટે દૃષ્ટાન્ત પણ ઉત્તમ વસ્તુનું આપ્યું. રત્ન લેવા કોણ નીકળે? કોઈ મામુલી માણસ રત્ન લેવા ન આવે પણ ઉત્તમ—પુણ્યવાન માણસ રત્ન ખરીદવા આવે; એમ અહીં પણ જે ઉત્તમ જીવ આત્માર્થી જીવ ચૈતન્યના અનુભવરૂપ રત્ન લેવા આવ્યો છે તેની વાત છે; એવા જીવને પહેલાં સવિકલ્પ વિચારધારામાં આત્માના સ્વરૂપનું અનેક પ્રકારે ચિંતન હોય છે. જેમ રત્ન ખરીદનાર ખરીદતી વખતે તો તે સંબંધી અનેક વિચાર કરે છે, રત્નની જાત કેવી, તેની ઝલક કેવી, તેજ કેવું, વજન કેટલું , આકૃતિ કેવી, રંગ કેવો, કિંમત કેટલી, ડોકમાં પહેરવાથી તે કેવું શોભશે,—ઈત્યાદિ અનેક પ્રકારના વિકલ્પોથી ચારે પડખેથી રત્નનું સ્વરૂપ નક્કી કરે છે, અને પછી તે રત્નહારની કિંમત ચૂકવી ખરીદીને જ્યારે ડોકમાં સાક્ષાત્ પહેરે ત્યારે તો હારની પ્રાપ્તિના સંતોષનું સુખ જ રહે છે, બીજા વિકલ્પો ત્યાં રહેતા નથી. તેમ ચૈતન્યરત્નની પ્રાપ્તિનો ઉદ્યમી જીવ પહેલાં તો સવિકલ્પ વિચારથી અનેક પ્રકારે પોતાનું સ્વરૂપ ચિંતવે છે : મારો સ્વભાવ દ્રવ્યદૃષ્ટિથી શુદ્ધ સિદ્ધસમાન છે, પર્યાયદૃષ્ટિથી મારામાં મલિનતા છે; મોક્ષમાર્ગ નિશ્ચયથી શુદ્ધ સ્વભાવના જ આશ્રયે છે; રાગને જો મોક્ષનું કારણ માનીએ તો આસ્રવ

પ્રગટ સત્ વચનકી કિરણમાલ વ્યાપી,
કરો મુઝ પવિત્ર તુહી શુચિ પ્રતાપી. ૪૦

અને સંવર તત્ત્વો ભિન્ન ન રહે; ઉપયોગને અંતર્મુખ કરવાથી જ શુદ્ધાત્માની અનુભૂતિ થાય ને ત્યારે જ આનંદનું વેદન પ્રગટે.—આમ અનેક પ્રકારે યુક્તિથી, નય–પ્રમાણ વગેરેથી નક્કી કરે. આત્માનું સ્વરૂપ કેવું? તેની શક્તિઓ કેવી? તેનું કાર્ય કેવું? તેના પ્રદેશો કેવા? તેના ભાવો કેવા? સ્વભાવભાવો કયા? વિકારી ભાવો કયા? ઉપાદેયરૂપ શુદ્ધસ્વરૂપ કેવું? તેના અનુભવનું સુખ કેવું? તેનો પ્રયત્ન કેવો?—એમ અનેક પ્રકારથી વિચારીને નક્કી કરતી વખતે સાથે વિકલ્પ હોય છે; પણ પછી, બધાય પડખેથી સ્વરૂપ બરાબર નક્કી કરીને, તેનો ઉત્કૃષ્ટ મહિમા લાવીને પ્રયત્નપૂર્વક જ્યારે ઉપયોગને અંતર્મુખ કરીને આત્માનો પ્રત્યક્ષ અનુભવ કરે છે ત્યારે તો એ અનુભવના આનંદનું જ વેદન રહે છે, ઉપરના કોઈ વિકલ્પો ત્યાં હોતા નથી.—આ રીતે સમ્યગ્દષ્ટિને નિર્વિકલ્પ અનુભવ થાય છે. આવો અનુભવ કરવો એ જ આરાધનાનો ખરો સમય છે; આવો અનુભવ એ જ સાચી આરાધના છે. પહેલાં વિચારદશામાં વિકલ્પ હતો તેથી સવિકલ્પદ્વારા આ અનુભવ થયો—એમ કહ્યું, પરંતુ ખરેખર કાંઈ વિકલ્પદ્વારા અનુભવ થયો નથી, વિકલ્પ તૂટ્યો ત્યારે સાક્ષાત્ અનુભવ થયો છે. ને એ અનુભવને 'પ્રત્યક્ષ' કહ્યો છે.—'पचक्खो अणुहवो जम्हा' (પ્રવચનસાર ગાથા-૮૦ માં પણ મોહક્ષયનો ઉપાય દર્શાવતાં આવી જ શૈલિનું વર્ણન કર્યું છે; ત્યાં પ્રથમ અરિહંતના દ્રવ્ય–ગુણ–પર્યાયની ઓળખાણ દ્વારા પોતાનું સ્વરૂપ વિચારી, પછી સાક્ષાત્ અનુભવ કરે છે—તે બતાવ્યું છે.)

'વિચારમાં તો વિકલ્પ થાય છે' એમ સમજી કોઈ જીવ વિચારધારા જ ન ઉપાડે, તો કહે છે કે ભાઈ! વિચારમાં કાંઈ એકલા વિકલ્પ જ નથી; વિચારમાં ભેગું જ્ઞાન પણ તત્ત્વનિર્ણયનું કામ કરે છે. એમાં જ્ઞાનની મુખ્યતા કર ને વિકલ્પને ગૌણ કર. આમ સ્વરૂપનો અભ્યાસ કરતાં કરતાં જ્ઞાનનું બળ વધતાં વિકલ્પ તૂટી જશે ને જ્ઞાન રહી જશે, એટલે કે વિકલ્પથી છૂટું જ્ઞાન અંતરમાં વળીને સ્વાનુભવ કરશે. પણ જે જીવ તત્ત્વનું અન્વેષણ જ કરતો નથી, આત્માની વિચારધારા જ જે ઉપાડતો નથી તેને તો નિર્વિકલ્પ સ્વાનુભવ ક્યાંથી થશે? માટે જે જિજ્ઞાસુ થઈને સ્વાનુભવ કરવા માંગે છે, તે યથાર્થ તત્ત્વોનું અન્વેષણ કરીને તત્ત્વનિર્ણય કરે છે ને સ્વભાવ તરફની વિચારધારા ઉપાડે છે, તે જીવ પોતાનું કાર્ય અધૂરું મૂકશે નહીં; તે પુરુષાર્થ વડે વિકલ્પ તોડીને, સ્વરૂપમાં ઉપયોગ જોડીને નિર્વિકલ્પ સ્વાનુભવ કરશે જ. સ્વભાવના લક્ષે ઉદ્યમ ઉપાડ્યો તે વિકલ્પમાં અટકશે નહિ, વિકલ્પમાં સંતોષ પામશે નહિં; એ તો સ્વાનુભવથી કૃતકૃત્યદશા પ્રગટ કર્યે જ છૂટકો. માટે કહ્યું છે કે 'કર વિચાર તો પામ.'

હવે નિર્વિકલ્પઅનુભવમાં જ્ઞાન કયા પ્રકારે વર્તે છે—તે દેખાડે છે. (ક્રમશઃ) ❋



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

મિશ્રધારામાં બે પ્રકાર વર્તે છે. જેટલી શ્રદ્ધા, જ્ઞાન ને એકાગ્રતા કરી તે નિશ્ચય છે છતાં જેટલો રાગ વર્તે છે તે જ્ઞાન-દર્શનની હીનતા વર્તે છે, જ્ઞાન અનંતમા ભાગે, દર્શન અનંતમા ભાગે, આનંદ અનંતમા ભાગે વર્તે છે—એમ ધર્મી જાણે છે—તે વ્યવહાર છે.

અજ્ઞાની માને છે કે બહારના પદાર્થોને છોડવા તે વ્યવહાર છે, તે મૂઢ છે. બહારના પદાર્થોને આત્મા છોડી શકતો નથી. પરપદાર્થથી આત્મા જુદો છે ને રાગદ્વેષ આત્માનું સ્વરૂપ નથી.—એવું ભાન કર્યા પછી રાગાદિ પરિણામ રહે તેનું જ્ઞાન કરવું જોઈએ.

પર્યાયમાં ચારિત્ર ન હોવા છતાં ચારિત્ર માની લેવું તે ભૂલ છે. સ્વભાવના અવલંબને શાંતિ વધે ને રાગ ઘટી જાય ત્યારે ચારિત્ર થાય છે. એકલા ૨૮ મૂળગુણના વિકલ્પને વ્યવહાર કહેતા નથી. આત્માના ભાનવાળાને વ્યવહાર હોય છે.

જડની પર્યાય આવી જ હોય એવો જ્ઞાનીને આગ્રહ નથી, રાગનો પણ આગ્રહ નથી. જે પ્રકારનો રાગ આવે તેને જ્ઞાન જાણે છે. હું શુદ્ધ ચૈતન્ય પૂર્ણાનંદ છું, અસંખ્યપ્રદેશી છું, શરીરપ્રમાણ ક્ષેત્ર પરિમિત છે છતાં સ્વભાવ અપરિમિત છે. એવા સ્વભાવનું ભાન કરી સ્વરૂપ ઠીક કર્યું, આમ શ્રદ્ધા ઠીક કરવા છતાં રાગાદિ પરિણામ વર્તે છે ને કેવળજ્ઞાન પૂર્ણ નથી એમ જાણવું જોઈએ. જે રાગ ઊઠે છે તે ભૂમિકા અનુસાર ઊઠે છે, તે સ્વકાળ છે. કાળક્રમે તે પરિણામ થાય છે તેને જાણવા તે વ્યવહાર છે, તે આદરણીય નથી. અખંડ સ્વભાવને જાણવો તે નિશ્ચય છે—આમ બંનેનું જ્ઞાન કરવું તે પ્રમાણ છે.

શ્રી અમૃતચંદ્રાચાર્યે શ્રી સમયસારની ટીકામાં સ્પષ્ટ કરેલ છે કે વ્યવહારનય જાણેલો તે કાળે પ્રયોજનવાન છે. ચોથાવાળાને દર્શનનો ક્ષયોપશમભાવ વર્તતો હોય તો

| શ્રી પુષ્પદંતજિન સ્તુતિ | હે સુવિધિ ! આપને કહા તત્ત્વ,<br>જો દિવ્યજ્ઞાનસે તત્ અતત્ત્વ; |
|---|---|

ક્ષયોપશમ જાણવો ને ક્ષાયિકભાવ વર્તતો હોય તો ક્ષાયિકભાવ જાણવો. જેમ છે તેમ જાણવું. આત્માનું ભાન થવા છતાં રાગ ને અલ્પજ્ઞતા છે તેથી તે દશાને મિશ્રદશા કહે છે. જે પર્યાય જેમ છે તેમ જાણે, પર્યાય ઓછી ઊઘડી હોય તેને વધારે ઉઘડેલી માનવી નહિ ને વધારે ઊઘડી નથી માટે ખેદ કરવાની જરૂર નથી.

શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૨૫૭માં કહ્યું છે કે "વ્યવહારનય સ્વદ્રવ્ય-પરદ્રવ્યને વા તેના ભાવોને વા કારણ-કાર્યાદિને કોઈને કોઈમાં મેળવી નિરૂપણ કરે છે માટે એવા જ શ્રદ્ધાનથી મિથ્યાત્વ છે તેથી તેનો ત્યાગ કરવો. વળી નિશ્ચયનય તેને જ યથાવત્ નિરૂપણ કરે છે તથા કોઈને કોઈમાં મેળવતો નથી તેથી એવા જ શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે માટે તેનું શ્રદ્ધાન કરવું."

"પ્રશ્ન :—જો એમ છે તો જિનમાર્ગમાં બન્ને નયોનું ગ્રહણ કરવું કહ્યું છે તેનું શું કારણ?

ઉત્તર :—જિનમાર્ગમાં કોઈ ઠેકાણે તો નિશ્ચયનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે તેને તો "સત્યાર્થ એમ જ છે" એમ જાણવું, તથા કોઈ ઠેકાણે વ્યવહારનયની મુખ્યતાસહિત વ્યાખ્યાન છે તેને "એમ નથી પણ નિમિત્તાદિની અપેક્ષાએ આ ઉપચાર કર્યો છે" એમ જાણવું, અને એ પ્રમાણે જાણવાનું નામ બન્ને નયોનું ગ્રહણ છે, પણ બંને નયોના વ્યાખ્યાનને સમાન સત્યાર્થ જાણી "આ પ્રમાણે પણ છે તથા આ પ્રમાણે પણ છે." એવા ભ્રમરૂપ પ્રવર્તવાથી તો બંને નયો ગ્રહણ કરવા કહ્યા નથી."

બધા જીવોને પરમાત્મા સમાન શક્તિએ કહ્યા છે. નિગોદની પર્યાયમાં પરમાત્મદશા પ્રગટ નથી. ત્યાં પર્યાય ઘણી હીણી છે. તલમાં જેમ તેલ શક્તિરૂપે છે, પ્રગટ નથી. તેલ પ્રગટ કરે ત્યારે થાય છે. તલમાં તેલ માની પૂરી તળવા માગે તો તલ ને લોટ બંને બગડે આત્મામાં પરમાત્મા શક્તિસ્વરૂપે છે તેમ ન માનતાં પર્યાયમાં પણ પરમાત્મા માની લ્યે તો ચાર ગતિમાં રખડે. આત્માની પ્રતીતિ ને લીનતા કરી પરમાત્મદશા ન થાય ત્યાં સુધી પરમાત્મપણું પર્યાયમાં માનવું જોઈએ નહિ, છતાં શક્તિરૂપે પરમાત્મા છે એમ ન માને તો પર્યાયમાં પરમાત્મા ન થાય. શક્તિએ કેવળજ્ઞાનરૂપ છું ને પર્યાયે પામર છું એમ જાણવું જોઈએ. આત્મવસ્તુ છે—એમ શ્રદ્ધા ને લીનતા કરી એકાગ્ર થાય તે ઉપાદેય છે. આ ઉપાદેય છે, એવો વિકલ્પ તે ઉપાદેય

એકાંત હરણ સુપ્રમાણ સિદ્ધ;
नहिं जान सकैं तुमसे विरुद्ध. ४१

નથી ને જેટલો રાગ ને અલ્પજ્ઞતા ટળતી જાય છે તેને હેય કહે છે. હેય કરવું પડતું નથી. હેયનું જ્ઞાન વ્યવહારનયનો વિષય છે ને ઉપાદેયનું જ્ઞાન તે નિશ્ચયનયનો વિષય છે.

આત્મામાં એવો ભરોસો થયો કે હું શુદ્ધ ચિદાનંદ છું,—એવી દૃઢ પ્રતીતિને કોઈ ફેરવવા સમર્થ નથી. તેને ક્ષાયિક સમકિત કહે છે. તે શ્રુતકેવળી, કેવળીભગવાન ને તીર્થંકરદેવની સમીપે થાય છે. બહારમાં સંસારમાં દેખાતો હોય છતાં ધર્મીને ચૈતન્યજ્યોતનો ભરોસો આવ્યો છે, તેને ડગાવવા કોઈ સમર્થ નથી. પોતે પાછો પડે એવો નથી. અખંડ વસ્તુ આનંદકંદ છે. એવી પ્રતીતિ થઈ છે તેને ક્ષાયિક સમકિત કહે છે. પર્યાયમાં નિર્મળતા પ્રગટ કરી ને નિમિત્તરૂપે કર્મ ન રહ્યું. હવે તેમાં પ્રશ્ન કરે છે— આત્મામાં એવી પ્રતીતિ આવી કે તે પાછો પડે નહિ ને પૂર્ણદશા લીધે છૂટકો—એવી શ્રદ્ધાવાળાને સમ્યક્પણું પૂર્ણ પ્રગટ્યું છે કે અધૂરું છે? જો સમ્યક્ પૂર્ણભાવ પ્રગટ્યો હોય તો સિદ્ધ થઈ જવો જોઈએ કેમકે એક ગુણ પૂર્ણ સમ્યક્ થતાં બધાં ગુણો પૂર્ણ સમ્યક્ થઈ જાય અને સિદ્ધદશા પ્રગટે?

અહીં મિશ્ર અધિકારની વાત લીધી છે. આત્મા આનંદનો પિંડ છે, એવી ક્ષાયિક પ્રતીતિ કરી તેને સમ્યક્ગુણ પૂરો થઈ ગયો છે, માટે બધા ગુણો પૂર્ણ થઈ જવા જોઈએ— એમ શિષ્ય શંકા કરે છે તેનું કારણ એ છે કે સમ્યક્ગુણ બધામાં વિસ્તરેલો છે. શ્રદ્ધાગુણની દશા પૂર્ણ નિર્મળ થઈ ગઈ તે આખા આત્મામાં વ્યાપેલ છે માટે બધા ગુણો પૂર્ણ થઈ જવા જોઈએ—એમ શિષ્ય શંકા કરે છે.

શ્રેણિક રાજા ક્ષાયિક સમકિત થયેલ છે. તેઓ નરકમાંથી નીકળી તીર્થંકર થશે. બધા ગુણો અત્યારે પૂર્ણ નથી. જેથી શિષ્ય પ્રશ્ન કરે છે કે સમ્યગ્દર્શન પૂર્ણ નિર્મળ થયું છે અને આત્મામાં વિભુત્વ નામનો ગુણ છે જેથી એક ગુણ આખા આત્મામાં વ્યાપેલ છે. માટે બધા ગુણો પૂર્ણ હોવા જોઈએ.

સમાધાન :—ક્ષાયિક સમકિત થવા છતાં પરમ સમ્યક્ભાવ થયો નથી કેમકે બધા ગુણો પૂર્ણરૂપ થયા નથી. ભરત રાજાને ઘરમાં વૈરાગી કહ્યા એટલે ઘરમાં મુનિપણું છે એવો તેનો અર્થ નથી. ક્ષાયિક સમકિત થયું છે પણ બધા ગુણો નિર્મળ થયા નથી. શિષ્યે પ્રશ્ન કરેલ હતો કે એક ગુણ પૂર્ણ નિર્મળ થતાં બધાં ગુણો પૂર્ણ નિર્મળ થઈ જવા જોઈએ પણ એમ નથી.

આ બધી સમજણ કરવી જોઈએ. સમજણ વિના ધર્મ થતો નથી. ક્ષાયિક સમકિત થવા છતાં બધા ગુણો સંપૂર્ણ નિર્ગ્રંથ થયા નથી. અંશે નિર્મળ થયા છે. તેથી મિશ્રધારા રહી છે—એમ અહીં બતાવે છે. (ક્રમશઃ) ❊



# મુક્તિનો માર્ગ

(સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં સત્તાસ્વરૂપ પર પ્રવચનો)

પ્રવચન પાંચમું (ભાદરવા સુદ ૧ શનિવાર)

આ સત્તાસ્વરૂપ ગ્રંથમાં ગૃહીત મિથ્યાત્વના ત્યાગનો ઉપદેશ મુખ્યપણે છે. ગૃહીત મિથ્યાત્વ એટલે ગ્રહણ કરેલી ખોટી માન્યતા; જન્મ થયા પછી ઊંધી વાત નવી પકડી છે તે છોડાવવાની સત્તાસ્વરૂપમાં મુખ્યપણે વાત છે. અનાદિની જે ઊંધી પક્કડ છે તે (અગૃહીત મિથ્યાત્વ) છોડાવવાની વાત સવારે સમયસારમાં આવે છે. પ્રથમ આ સ્થૂળ મિથ્યાત્વને છોડવાની વાત ન સમજે ત્યાં સુધી સૂક્ષ્મ મિથ્યાત્વ છોડવાની વાત પણ સમજાય નહિ. વીતરાગ દેવ-ગુરુ સિવાય બીજા સ્ત્રી-કુટુંબ વગેરે ઉપર જે પ્રેમ છે તેના કરતાં વીતરાગ દેવ-ગુરુ-ધર્મ ઉપર જો વધારે પ્રેમ ન હોય તો તેને સ્થૂળ ગૃહીત મિથ્યાત્વનો પણ ત્યાગ નથી.

જ્યાં સુધી સાચા દેવ-ગુરુ-ધર્મ પ્રત્યેની ભક્તિ અને તન, મન, ધન ખર્ચવાનો ઉલ્લાસ ન આવે, તથા પ્રથમ દશામાં તેના માનેલા સુરધન વગેરે કુદેવાદિ માટે જેટલા તન, મન, ધન ખરચતો હતો તેના કરતાં વધારે ભક્તિ તથા તન, મન, ધન સત્ દેવ-ગુરુ-ધર્મ માટે ન ખર્ચે ત્યાં સુધી તેને સ્થૂળ મિથ્યાત્વનો ત્યાગ નથી. સ્થૂળ મિથ્યાત્વના ત્યાગ વગર સૂક્ષ્મ મિથ્યાત્વ પણ ટળી શકે નહિ; છતાં પણ સ્થૂળ મિથ્યાત્વનો ત્યાગ પૂર્વે અનંતવાર જીવે કર્યો છે. પણ સૂક્ષ્મ મિથ્યાત્વનો ત્યાગ પૂર્વે કદી પણ કર્યો નથી. સ્ત્રી, કુટુંબના લોચા ઉપર દેવ-ગુરુ કરતાં વધારે પ્રેમ હોય તો તે તીવ્ર મિથ્યાત્વના મહારોગમાં સડેલો છે. કોઈ કહે કે અમને દેવ-ગુરુનો પ્રેમ છે પણ હોંશ નથી આવતી. તો તે વાત જૂઠ્ઠી છે. તારા બાયડી-છોકરાં પ્રત્યે હોંશ આવે, તેના માટે તન, મન, ધન ખર્ચે, રૂપિયા જુદા રાખે અને અહીં દેવ-ગુરુની ખાતર તને હોંશ ન આવે તો તને દેવ-ગુરુનો પ્રેમ જ નથી. દેવ-ગુરુ કરતાં સ્ત્રી આદિને માટે વધારે ઉત્સાહથી તન, મન, ધન ખર્ચે તો તે વીતરાગને ઠગે છે એટલે કે ખરેખર તો પોતાના આત્માને જ ઠગે છે. પોતાને વીતરાગનો સેવક કહેવડાવે છે પણ હજી વીતરાગ દેવની રુચિ નથી, તો તેને પોતાના આત્માની રુચિ તો થાય જ ક્યાંથી? નિમિત્તનો પણ વિવેક કરતાં આવડતો નથી તે ઉપાદાનને ઓળખશે કઈ રીતે? જ્યાં સુધી સત્ દેવ-સદ્‌ગુરુ પ્રત્યેનો ઉલ્લાસ ન આવે ત્યાં સુધી તેના

> है अस्ति कथंचित् और नास्ति,
> भगवान् तुझ मतमें यह तथास्ति;

અંતરમાં ગૃહીત મિથ્યાત્વનું તીવ્ર પાપ પડ્યું છે.

પોતાના જ્ઞાનમાં અનુમાનાદિ વડે પણ સર્વજ્ઞનો નિર્ણય કર્યો ન હોય, અને તે દરરોજ ભગવાનના દર્શન કરવા જાય તોપણ તે વીતરાગનો સેવક નથી. વીતરાગનો સેવક ક્યારે બને, ભગવાનનો દાસ ક્યારે થાય, ભગવાનનો ઉપદેશેલો માર્ગ ક્યારે ગ્રહણ કરે અને ભગવાને કહેલા તત્ત્વોનું શ્રદ્ધાન ક્યારે કરે? કે જ્યારે શાસ્ત્રમાં ભગવાને શું કહ્યું છે તે જાણે અને અનુમાનાદિથી સર્વજ્ઞના સ્વરૂપનો સાચો નિશ્ચય થઈ ગયો હોય ત્યારે. ત્રણ કાળ ત્રણ લોક ફરી જાય પણ તેનો નિર્ણય ન ફરે એવી શ્રદ્ધા થઈ હોય તો પછી તત્ત્વની શ્રદ્ધા કરી શકે છે. ગ્રંથકાર કહે છે કે તત્ત્વના સ્વરૂપનો જેને નિર્ણય નથી તે વીતરાગનો સાચો સેવક નથી, જૈન નથી. જેને સર્વજ્ઞના સાચા સ્વરૂપનો નિર્ણય થયો જ નથી તથા વિશેષ સાધનનું યથાર્થ જ્ઞાન થયું જ નથી તો તે નિર્ણય વિના કોનો સેવક બની દર્શન કરે છે વા જાપ કરે છે? અર્થાત્ સર્વજ્ઞના સ્વરૂપનો જેને નિર્ણય નથી તે વીતરાગનો ભક્ત નથી.

વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ જે તત્ત્વ કહ્યું છે તેની જેને ઓળખાણ નથી, જ્ઞાનમાં નિર્ણય થયો નથી અને કહે છે કે સર્વજ્ઞ કેવા હશે તે કોણ જાણે? આપણને કેવળજ્ઞાન થશે ત્યારે સર્વજ્ઞનો નિર્ણય કરશું, તો એમ કહેનારને સર્વજ્ઞની શ્રદ્ધા જ નથી, તત્ત્વનો નિર્ણય નથી. તે જૈન પણ નથી, સર્વજ્ઞને જ તે માનતો નથી.

સર્વજ્ઞદેવે વિશેષ સાધનનું એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું સ્વરૂપ બતાવ્યું છે, જન્મ-મરણ ટાળવાનો ઉપાય બતાવ્યો છે, જે સાંભળીને ખ્યાલ આવી જાય કે અહો! સર્વજ્ઞદેવ સિવાય આ સ્વરૂપ બીજો કોઈ કહી શકે નહિ. અરિહંત ભગવાનનું સ્વરૂપ આમ જ હોય એમ સર્વજ્ઞદેવના નિર્ણય વગર દર્શન કોના કરે છે? અનંત સર્વજ્ઞો ધર્મનો એક જ માર્ગ કહે છે, ધર્મનો માર્ગ બીજો હોઈ શકે નહિ. આત્માનો પરમાર્થ અર્થાત્ સ્વરૂપની શાંતિ તેનો સાચો રસ્તો ત્રણે કાળે એક જ પ્રકારે સર્વજ્ઞે કહ્યો છે. એમ સર્વજ્ઞના નિર્ણય વિના કોનો સેવક થયો છે અને જાપ કોનો કરે છે? જેના દર્શન કરે છે અને જાપ કરે છે તે અરિહંતને તો જાણતો નથી, તો તું ભક્તિ કોની કરે છે?

ત્યારે કોઈ જવાબ આપે કે અમે તો અમારા બાપદાદા માનતા તે માનીએ છીએ તથા અમારા ગુરુ કહે તે માની બેસીએ છીએ અને જ્ઞાતિના આગળ પડતા માણસો તથા


સત્ અસત્મઈ ભેદ રુ અભેદ,
હૈં વસ્તુ બીચ નહિં શૂન્ય વેદ. ૪૨

અમારો સંઘ આ જ દેવને માને છે માટે અમે પણ માનીએ છીએ. વળી તે સર્વજ્ઞના પૂજાદિક અમે ધર્મબુદ્ધિથી કરીએ છીએ અને અરિહંતને જ દેવ માનીને તેની પૂજા, જાપ વગેરે કરીએ છીએ. બાપદાદાથી ૫૦૦–૧૦૦૦ વર્ષનું ચાલ્યું આવે છે તે જ અમે માનતા આવ્યા છીએ, અને અમારે પણ મોક્ષ જવું છે, એમ કેટલાક વાડાને આશ્રયે, સંઘને આશ્રયે મૂઢમતિથી માની બેઠા છે, પણ દેવનું સાચું સ્વરૂપ સમજતા નથી. તે જૈન નામ ધરાવે છે, પણ અજ્ઞાની છે. તેવાઓને કહે છે કે સાંભળો! અરિહંતદેવ તો સાચા જ છે, પણ તમારા જ્ઞાનમાં તેનું સાચાપણું ભાસ્યા વિના તમે તેના સાચા સેવક નથી. સર્વજ્ઞના સ્વરૂપના નિર્ણય વિના તેમના સાચા ભક્ત થઈ શકાય નહિ. જેમ તમે તમારા કુળધર્મ પ્રમાણે, તથા પંચાયતના આશ્રયે તમારા દેવને ધર્મબુદ્ધિથી માનો છો તેમ અન્યમતિઓ પણ કુળાદિકના આશ્રયે તેના માનેલા દેવને ધર્મબુદ્ધિથી પૂજે છે, તો તમારામાં અને તેનામાં ફેર ક્યાં રહ્યો? જેમ કોઈ બોકડો કાપીને તેનું માંસ ફકીરને ખવડાવે તેમાં 'સવાબ' માને છે એટલે કે બોકડો મરે તેનું કાંઈ નહિ પણ ફકીરને ખવડાવવાનો તો ધર્મ થાશે એમ માનીને તે ધર્મબુદ્ધિથી કાળા કેર કરે છે અને તેમાં પોતે ધર્મ માને છે. તેમ તમે તમારા દેવનું સ્વરૂપ જાણતા નથી, તેમનું સાચાપણું કઈ રીતે છે તે તમને ભાસ્યું નથી તો તમારામાં અને તેનામાં ફેર શું પડ્યો? વાઘરણ કહે છે કે અમારી દેવી જેવી તો જગતમાં કોઈ શક્તિ નથી, ઈશ્વરને પણ અમારી દેવીનું શરણું લેવું પડ્યું હતું. એ વાઘરણ પણ પોતાની માનેલી દેવીને સાચી માને છે, અને તમે પણ તમારા માનેલા દેવને સાચા માનો છો, પણ તેનું સ્વરૂપ જાણતા નથી તો તેનામાં અને તમારામાં ફેર શું પડ્યો?

કોઈ એમ કહે કે બાપદાદાથી ચાલ્યું આવતું હોય તે કેમ મૂકાય? તો તેને કહે છે કે અરે તારો બાપદાદો નિર્ધન હોય તો નિર્ધનપણું ફેરવીને ધનવાન થવામાં બાપદાદામાં ફેર પાડે છેને? ત્યાં એમ નથી કહેતો કે મારા બાપ પાસે આટલું ધન હતું માટે તેના કરતાં વધારે હું નહિ રાખું! તો બાપદાદા જે ધર્મ માનતા હતા તેના કરતાં સાચો ધર્મ મળે અને તે ન માન તો તને ધર્મની રુચિ જ નથી. સવારે સમયસારની વાત તો અલૌકિક છે, પણ પ્રથમ આ વાત—દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ—ન સમજે તો તેને સ્થૂળ મિથ્યાત્વનો ત્યાગ પણ નથી. અને જીવ જો માત્ર દેવ-ગુરુની વાતમાં રોકાય જાય તો પણ તેને અંદરનું સ્વરૂપ સમજાય નહિ. આ તો અત્યારની અને સવારની વાતનો મેળ કરીને એકાવતારી થઈ જવાની વાત છે. બીજાઓ જેમ સમજ્યા વગર કર્યા કરે છે તેવું તું પણ કર્યા કર તો તારામાં અને બીજામાં ફેર પડ્યો જ નથી. ભાઈ! સાચા દેવ-ગુરુને ઓળખ્યા વિના તારામાં અને અન્યમતિમાં ફેર નથી. (ક્રમશઃ) ❊




# શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



(ત્રીજી ઢાળ ગાથા ૧)

### આત્માના હિતરૂપ મોક્ષમાર્ગનું વર્ણન

## હે જીવ! તું મોક્ષમાર્ગમાં લાગ

જે જાણતો અર્હંતને ગુણ દ્રવ્ય ને પર્યયપણે,
તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે. (પ્રવચનસાર ૮૦)

કેવળજ્ઞાની અરિહંત ભગવાન. જેમનાં દ્રવ્ય–ગુણ ને પર્યાય ત્રણે શુદ્ધ ચેતનમય છે અને જેમાં રાગનો સર્વથા અભાવ છે, તેમને ઓળખતાં રાગથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ પોતાનો આત્મા અનુભવમાં આવે છે એટલે સમ્યગ્દર્શન થાય છે. પોતાના આત્માના શુદ્ધસ્વભાવનો નિર્ણય, કે અરિહંતના શુદ્ધ આત્માનો નિર્ણય, એ બંને ભેગાં જ થાય છે. રાગથી ભિન્ન એવી જ્ઞાનપર્યાયે અંતરમાં વળીને જ્યારે આત્માનો અનુભવ કર્યો ત્યારે સાથે અરિહંતના અને સિદ્ધના શુદ્ધ આત્માનો નિર્ણય પણ સાચો થયો. ત્યાર પહેલાં અરિહંતના શુદ્ધ આત્માનો નિર્ણય કરવાનું લક્ષ હતું તેને ઉપચારથી સમ્યગ્દર્શનનું કારણ કહેવાય છે. જ્યારે પરલક્ષથી ખસીને અંતરમાં વળ્યો ત્યારે આત્મસ્વરૂપનો સમ્યક્ નિશ્ચય થયો અને ત્યારે ભૂતનૈગમનયે પૂર્વના રાગમિશ્રિત નિર્ણયને તેનું કારણ કહ્યું. નિશ્ચય વગર વ્યવહાર કોનો? નિશ્ચયના લક્ષ વગર એકલી પરસન્મુખતાથી તો અનંતવાર અરિહંતદેવ તરફના વિકલ્પો કર્યા, ધારણા કરી, તે કેમ સમ્યગ્દર્શનનું કારણ ન થયું?–કેમકે નિશ્ચયનું લક્ષ ન હતું; નિશ્ચય વગરનું તે બધું ખરેખર વ્યવહારાભાસ છે, સાચો અરિહંતનો નિર્ણય તેમાં નથી. એટલે અજ્ઞાનીના શુભરાગમાં મોક્ષમાર્ગનો વ્યવહાર લાગુ પડતો નથી; મોક્ષમાર્ગ તેને શરૂ જ થયો નથી. રાગવડે મોક્ષમાર્ગ શરૂ થાય નહિ. રાગથી આઘો ખસીને જ્ઞાનવડે અંતરના સ્વભાવમાં ઘૂસી જાય ત્યારે શુદ્ધ આત્માના અપૂર્વ અનુભવસહિત મોક્ષમાર્ગ શરૂ થાય છે.

આવો મોક્ષમાર્ગ જેને પ્રગટ્યો છે તેના નિશ્ચય ને વ્યવહાર કેવા હોય તેની આ વાત છે. મોક્ષમાર્ગ જેને થયો છે તેને બે વાત લાગુ પડે છે—જે રત્નત્રયની શુદ્ધતા છે

‘યહ હૈ વહ હી’ હૈ નિત્ય સિદ્ધ,
‘યહ અન્ય ભયા’ યાં ક્ષણિક સિદ્ધ;

તે યથાર્થ મોક્ષમાર્ગ છે; અને જે શુભરાગ ભૂમિકા અનુસાર છે તે ઉપચારથી મોક્ષમાર્ગ છે. સાચો મોક્ષમાર્ગ હોય ત્યાં બીજામાં ઉપચાર લાગુ પડે છે. શુદ્ધ આત્માના આશ્રયે પ્રગટેલો શુદ્ધભાવરૂપ નિશ્ચય મોક્ષમાર્ગ તે જ સાચો મોક્ષમાર્ગ છે, બીજો કોઈ સાચો મોક્ષમાર્ગ નથી. વીતરાગમાં આવી વસ્તુસ્થિતિ છે; આ સિવાય બીજી રીતે મોક્ષમાર્ગ સિદ્ધ થતો નથી.

અહો, ચૈતન્યભગવાન આત્મા! જેને લક્ષમાં લેતાં જ આત્મામાં આનંદ સહિત ભાવશ્રુતના અંકુરા ફૂટે છે. ભાવશ્રુત તે કેવળજ્ઞાનનો અંકુર છે; જ્ઞાનનો તે અંકુર કોઈ રાગના વિકલ્પમાંથી નથી આવતો. રાગમાંથી જ્ઞાનનો અંકુર કદી ઊગે નહીં; ચૈતન્યરત્નાકર ઉલ્લસીને તેમાંથી શ્રુતનો અંકુર આવે છે. તેની સાથેની શુદ્ધદૃષ્ટિ તે સમ્યગ્દર્શન છે, અને જેટલી રાગરહિત સ્થિરતા થઈ તે સમ્યક્ચારિત્ર છે;—આવો મોક્ષમાર્ગ છે. મોક્ષનો માર્ગ એટલે આનંદનો માર્ગ આતમરામ નિજપદમાં રમે તે આનંદનો માર્ગ છે; પરપદમાં રમે તે મોક્ષમાર્ગ નથી, તેમાં આનંદ નથી. રાગાદિકભાવ તે પરપદ છે, તેમાં રમે એટલે કે તેમાં સુખ માને તેને મોક્ષમાર્ગ થતો નથી, મોક્ષનો માર્ગ તો સ્વપદમાં સમાય છે.—

કાયાની વિસારી માયા, સ્વરૂપે સમાયા એવા...
નિર્ગ્રંથનો પંથ ભવ—અંતનો ઉપાય છે.

કાયા અને આત્માની ભિન્નતાને જાણીને નિજસ્વરૂપમાં જેઓ સમાયા—લીન થયા એવા નિર્ગ્રંથ—મુનિવરોનો માર્ગ તે જ ભવના અંતનો ઉપાય છે, તેનાથી જ મોક્ષ પમાય છે.

મોક્ષના માર્ગમાં ભાવશ્રુતજ્ઞાન હોય છે, તે પણ આનંદના સ્વાદથી ભરેલું છે ને સ્વસંવેદનરૂપ પ્રત્યક્ષ છે. જેમ કેવળજ્ઞાન પ્રમાણ છે તેમ શ્રુતજ્ઞાન પણ પ્રમાણ છે; પરોક્ષ હોવા છતાં તે પ્રમાણ છે, ને સ્વસંવેદનમાં તો તે પ્રત્યક્ષ પણ છે. પોતાના આત્માના અનુભવને સાધકજીવ સ્વસંવેદનરૂપ પ્રત્યક્ષ-પ્રમાણથી જાણે છે; તેમાં તેને કોઈ સન્દેહ નથી. પરોક્ષરૂપ પ્રમાણજ્ઞાન પણ સંદેહ વગરનું હોય છે. કેવળજ્ઞાન જેવી જ જાતનું, સ્વસંવેદન—પ્રત્યક્ષરૂપ ભાવશ્રુતજ્ઞાન હોય ત્યારે જ મોક્ષમાર્ગ થાય, અને તે જીવને જ સાચા નિશ્ચય—વ્યવહાર નયો હોય.

નહિ હૈ વિરુદ્ધ દોનોં સ્વભાવ,
અંતર બાહર સાધન પ્રભાવ. ૪૩

સમ્યક્ચારિત્ર તે મુખ્ય મોક્ષમાર્ગ છે. ચારિત્ર એટલે સ્થિરતા;—શેમાં? નિજસ્વરૂપમાં. નિજસ્વરૂપ શું છે તેના જ્ઞાન વગર સ્થિરતા નહિ.

સંસારના કારણરૂપ એવા શુભાશુભ રાગથી નિવૃત્ત થઈને પોતાના શુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં પ્રવર્તવું તે સમ્યક્ચારિત્ર છે. જ્ઞાનપૂર્વક જ આવું ચારિત્ર હોય છે, અજ્ઞાનીને હોતું નથી.—એમ બતાવતા તેને 'સમ્યક્' કહેલ છે.

આત્મા જ્ઞાનધાતુની વીતરાગી ખાણ છે, રાગ તેનાથી જુદી વસ્તુ છે. રાગાદિ વિકલ્પો તે તો અચિદ્ધાતુ છે. અરે! આ અચિદ્ધાતુનો આભાસ તો જુઓ! અજ્ઞાનીને ભ્રમ થાય છે કે આ વિકલ્પ તે આત્મા છે. પણ ભાઈ! એ વિકલ્પમાં કાંઈ ચેતના નથી, સ્વ–પરને જાણવાની જાગૃતિ તેનામાં નથી. જાગતી ચેતનાવાળો શુદ્ધ ચૈતન્યભગવાન તું છો—કે જેમાં વિકલ્પ કદી પ્રવેશી શકતો નથી.—આવા આત્માને ઓળખીને અનુભવમાં લે પછી જ તેમાં ઠરવારૂપ સમ્યક્ચારિત્ર થશે. સ્વવસ્તુના શ્રદ્ધા–જ્ઞાન વગર લીનતા શેમાં થાય? ચોથા ગુણસ્થાને ચૈતન્યના શ્રદ્ધા–જ્ઞાન એક સાથે પ્રગટે છે, સ્વરૂપાચરણદશા પણ ત્યાં પ્રગટે છે, મુનિદશારૂપ ચારિત્ર છઠ્ઠા–સાતમા ગુણસ્થાને હોય છે. આ રીતે સમ્યગ્દર્શન–જ્ઞાન સહિતનું ચારિત્ર તે મોક્ષમાર્ગ છે તેની શરૂઆત ચોથા ગુણસ્થાનથી છે.

ધર્મીજીવને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન બંને એકસાથે થાય છે. સમ્યગ્દર્શન સાથેનું જે ભાવશ્રુત–પ્રમાણજ્ઞાન તેમાં જ સાચા નયો હોય છે. મોક્ષમાર્ગનો ઉદ્યમ કરનાર જીવને નવ તત્ત્વના નિર્ણયનો વિચાર, સાચા દેવ–ગુરુ–ધર્મના સ્વરૂપનો વિચાર એવા શુભભાવો હોય છે, અને ભૂતનૈગમનયથી તેને પણ મોક્ષમાર્ગનું કારણ કહેવાય છે. સમ્યગ્દર્શન–જ્ઞાનસહિતની ભૂમિકામાં પણ એવા શુભભાવો હોય છે, પણ એનાથી વિરુદ્ધ (એટલે કે કુદેવાદિને માનવારૂપ, કે જગતને કોઈએ બનાવ્યું એવા વિપરીત તત્ત્વની માન્યતારૂપ) ભાવ તે ભૂમિકામાં હોતા નથી,—આવું જ્ઞાન કરાવવા તે ભૂમિકાના શુભભાવોને વ્યવહારકારણ કહેવામાં આવે છે. ત્યાં એકલો શુભરાગ નથી, સાથે શુદ્ધતાના ભાન સહિત તેનું અંશે પરિણમન પ્રગટ્યું છે.—આવી નિશ્ચય–વ્યવહારની સંધિ મોક્ષમાર્ગમાં છે. આમાં નિશ્ચય વગરના વ્યવહારની તો વાત જ નથી, અને નિશ્ચય સહિતનો જે વ્યવહાર છે તે પણ ખરૂં મોક્ષનું કારણ નથી, ઉપચારથી જ તે કારણ છે. ખરૂં મોક્ષનું કારણ તો નિશ્ચય સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર છે કે જે આત્માના જ અનુભવરૂપ છે.

> પદ એકાનેક સ્વવાચ્ય તાસ,
> જિમ વૃક્ષ સ્વતઃ કરતે વિકાસ;

મોક્ષમાર્ગમાં પહેલા સમ્યગ્દર્શન ને પછી સમ્યગ્જ્ઞાન એમ નથી, તેમ જ પહેલાં સમ્યગ્જ્ઞાન ને પછી સમ્યગ્દર્શન એમ પણ નથી; શુદ્ધઆત્માના અવલંબને બંને એક સાથે જ થાય છે, પણ દીપક અને પ્રકાશની માફક તેમનામાં કારણકાર્યપણું કહેવામાં આવે છે; સમ્યગ્દર્શનને કારણ અને સમ્યગ્જ્ઞાનને કાર્ય કહેવાય છે,–પણ તેમનામાં પહેલાં–પછીપણું નથી, બંને સાથે જ છે. સ્વજ્ઞેયને પકડવાના જ્ઞાનની સાથે તેની નિર્વિકલ્પપ્રતીત વર્તે જ છે. જેની પ્રતીત કરે છે તેનું સાચું જ્ઞાન પણ સાથે છે જ. જાણ્યા વગરની શ્રદ્ધાને તો ગદ્ધાભાઈના શીંગડા જેવી અસત્ય કહેવામાં આવી છે.

સમ્યગ્દષ્ટિના જ્ઞાનમાં જ નિશ્ચય ને વ્યવહાર એવા બે નયો હોય છે, સમ્યગ્દષ્ટિના તે બંને નયો સાચાં છે. અજ્ઞાનીને એક્કેય નય સાચો નથી. ધર્મીના બે નયોમાં જે નિશ્ચયનય છે તે તો સત્ય વસ્તુ સ્વરૂપ બતાવે છે ને વ્યવહાર તો નિમિત્ત વગેરેનું જ્ઞાન કરાવે છે. શ્રુતજ્ઞાનમાં અનંત નયો સમાય છે, પણ સાધક જીવ અનંત નયના ભેદ પાડીને જાણી શકે નહિ. પ્રયોજન સાધવા માટે ટૂંકામાં બે નય—એક સ્વાશ્રિત સ્વરૂપને જાણનાર નિશ્ચયનય; અને બીજો પરાશ્રિતભાવને જાણનારો વ્યવહારનય; તેમાં નિશ્ચયનય અનુસાર જે વસ્તુસ્વરૂપ છે તેના શ્રદ્ધા-જ્ઞાન-અનુભવ વડે મોક્ષમાર્ગ સધાય છે, કેમકે તે સત્યાર્થ છે.

'દેહ ભિન્ન કેવળ ચૈતન્યનું જ્ઞાન જો....' એવી દશા થાય ત્યારે ભાવશ્રુત–પ્રમાણજ્ઞાન થાય, અને તે નિશ્ચય–વ્યવહાર બંનેને યથાર્થ જાણે. જ્યાં સુધી શુદ્ધાત્માના અનુભવરૂપ ભાવશ્રુત પ્રગટ્યું નથી, ને રાગમાં તથા દેહમાં એકત્વબુદ્ધિરૂપ મિથ્યારુચિ છે ત્યાં સુધી જીવનું જ્ઞાન મોક્ષનું સાધક થતું નથી; પરભાવોથી ખસીને સ્વદ્રવ્ય તરફ વળે ત્યારે જ તે મોક્ષનું સાધક થાય છે. એના સિવાય ગમે તેટલું જાણપણું કે શુભ આચરણ હોય તે બધું બહિર્મુખ છે. અંતર્મુખ ચૈતન્યસત્તા દૃષ્ટિમાં આવ્યા વગર મોક્ષનો મારગ ખુલે નહીં. અને જ્યાં માર્ગ જ ખુલ્યો નથી ત્યાં 'આ નિશ્ચય મોક્ષમાર્ગ ને આ વ્યવહાર મોક્ષમાર્ગ' એવા વિચારને અવકાશ જ ક્યાં છે? 'માર્ગ' હોય તો તેમાં નિશ્ચય–વ્યવહાર લાગુ પડે ને? અહા! અંતરના સાચા માર્ગને ભૂલીને જગત બહારમાં રાગાદિને માર્ગ માની બેઠું છે. પણ બાપુ! અનંતકાળથી એવા ભાવો તો કર્યા છતાં કેમ તારા હાથમાં કાંઈ ન આવ્યું? 'વહ સાધન વાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પર્યો.'—માટે સમજ કે એ માર્ગ સાચો નહિ; સાચો માર્ગ એનાથી કાંઈક જુદો જ છે. તે માર્ગ એટલે કે વીતરાગવિજ્ઞાન અહીં સંતો સમજાવે છે. (ક્રમશઃ) ❊

## ✻ એક જ પર્યાયમાં પરસ્પર વિરુદ્ધ બે ભાવો માનવા તે મિથ્યા શ્રદ્ધા છે ✻

અજ્ઞાની એક જ પર્યાયમાં બે પ્રકાર માને છે. એક જ પર્યાયમાં સિદ્ધપણું ને તે જ પર્યાયમાં સંસારીપણું, પર્યાયમાં નિશ્ચયથી સિદ્ધપણું ને તે જ પર્યાયમાં વ્યવહારથી સંસારીપણું–એમ અજ્ઞાની માને છે; પણ તેમાં વસ્તુસ્વરૂપનો નિર્ણય કરતો નથી.

વળી, એક જ પર્યાયમાં મતિજ્ઞાન અને કેવળજ્ઞાન બન્ને કંઈ રીતે સંભવે? અજ્ઞાની માને છે કે વર્તમાન પર્યાયમાં હું વ્યવહારથી મતિજ્ઞાનાદિ સહિત છું ને નિશ્ચયથી વર્તમાન પર્યાયમાં કેવળજ્ઞાની છું; પણ એ રીતે નિશ્ચય વ્યવહાર છે જ નહિ, એક જ પર્યાયમાં સિદ્ધપણું ને સંસારીપણું બે ન હોય. એક જ પર્યાયમાં મતિજ્ઞાન ને કેવળજ્ઞાન કેમ હોય? એક જ પર્યાયમાં રાગ ને વીતરાગતા બન્ને કંઈ રીતે હોય? હા, વસ્તુમાં દ્રવ્યદૃષ્ટિથી સિદ્ધ થવાની શક્તિ છે, ને પર્યાયમાં સંસાર છે. દ્રવ્યમાં કેવળજ્ઞાનની શક્તિ છે, ને પર્યાયમાં મતિજ્ઞાન વગેરે અલ્પજ્ઞાન છે–એમ જાણે તો બરાબર છે, પણ એક જ પર્યાયમાં જ બે ભાવો માનવા તે કાંઈ નિશ્ચય–વ્યવહાર નથી, તે તો મિથ્યાશ્રદ્ધા છે. તે કેવી રીતે છે?

જેમ રાજા અને રંક, મનુષ્યપણાની અપેક્ષાએ સમાન છે. તેમ સિદ્ધ અને સંસારી એ બન્ને જીવપણાની અપેક્ષાએ સમાન કહ્યા છે, કેવળજ્ઞાનાદિ અપેક્ષાએ સમાનતા માનીએ, પણ તેમ છે નહિ; કારણ કે સંસારીને નિશ્ચયથી મતિજ્ઞાનાદિક જ છે તથા સિદ્ધને કેવળજ્ઞાન છે. અહીં એટલું વિશેષ કે સંસારીને મતિજ્ઞાનાદિક છે તે કર્મના નિમિત્તથી છે. તેથી સ્વભાવ અપેક્ષાએ સંસારીને કેવળજ્ઞાનની શક્તિ કહીએ તો તેમાં દોષ નથી; જેમ રંક મનુષ્યમાં રાજા થવાની શક્તિ હોય છે, તેમ આ શક્તિ જાણવી.

પર્યાય અપેક્ષાએ તો છદ્મસ્થને મતિજ્ઞાનાદિક છે તે નિશ્ચયથી છે. નિશ્ચયથી કેવળજ્ઞાનની શક્તિ કહેવી તે તો દ્રવ્યની અપેક્ષાએ છે; પણ પર્યાયમાં કાંઈ નિશ્ચયથી કેવળજ્ઞાન નથી. પર્યાયમાં તો નિશ્ચયથી મતિ-શ્રુતજ્ઞાન જ છે.

વળી દ્રવ્યકર્મ–નોકર્મ તો પુદ્‌ગલની પર્યાય છે. તેથી નિશ્ચયથી તો સંસારી જીવથી પણ તે ભિન્ન જ છે પરંતુ સંસારપર્યાય વખતે તે કર્મ-નોકર્મ સાથે નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે તે જાણવો જોઈએ. સિદ્ધ ભગવાનની જેમ સંસારીને પણ કર્મ સાથે નિમિત્ત–નૈમિત્તિકસંબંધ સર્વથા ન માને તો તે ભ્રમ છે, હા. ધર્મી જીવને દૃષ્ટિમાં કર્મ સાથેનો નિમિત્ત–નૈમિત્તિકસંબંધ છૂટી ગયો છે. નિમિત્ત–નૈમિત્તિકસંબંધમાં જે ભાવકર્મ–રાગદ્વેષ

(જુઓ અનુસંધાન પેજ નં. ૬ ઉપર)



# પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા

પ્રશ્ન :—વર્તમાનમાં રાગ હોવા છતાં રાગરહિત સ્વભાવની શ્રદ્ધા કેમ થાય? જ્યાં સુધી પર્યાયમાં રાગ વિદ્યમાન છે ત્યાં સુધી રાગરહિત સ્વભાવની શ્રદ્ધા કેમ થઈ શકે? પહેલાં રાગ ટળી જાય ત્યાર પછી રાગરહિત સ્વભાવની શ્રદ્ધા થાય.

ઉત્તર :—એ રીતે જે જીવ રાગને જ પોતાનું સ્વરૂપ માનીને સમ્યક્‌શ્રદ્ધા પણ કરતો નથી તેને આચાર્યભગવાન કહે છે કે હે જીવ! તું પર્યાયદૃષ્ટિથી રાગને તારું સ્વરૂપ માની રહ્યો છે. પણ પર્યાયમાં રાગ હોવા છતાં તું પર્યાયદૃષ્ટિ છોડીને સ્વભાવદૃષ્ટિથી જો તો તારા રાગરહિત સ્વરૂપનો તને અનુભવ થાય. જે વખતે ક્ષણિક પર્યાયમાં રાગ છે તે વખતે જ રાગરહિત ત્રિકાળી સ્વભાવ છે, માટે પર્યાયદૃષ્ટિ છોડીને તારા રાગરહિત સ્વભાવની તું પ્રતીતિ રાખજે; એ પ્રતીતિના જોરે રાગ અલ્પકાળે ટળી જશે, પણ એ પ્રતીતિ વગર રાગ કદી ટળવાનો નથી.

‘પહેલાં રાગ ટળી જાય તો હું રાગરહિત સ્વભાવની શ્રદ્ધા કરું’—એમ નહિ પણ આચાર્યદેવ કહે છે કે પહેલાં તું રાગરહિત સ્વભાવની શ્રદ્ધા કર તો તે સ્વભાવની એકાગ્રતા વડે રાગ ટળે. ‘રાગ ટળે તો શ્રદ્ધા કરું—એટલે કે પર્યાય સુધરે તો દ્રવ્યને માનું’ એવી જેની માન્યતા છે તે જીવ પર્યાયદૃષ્ટિ છે—પર્યાય મૂઢ છે, તેને સ્વભાવદૃષ્ટિ નથી; અને તે મોક્ષમાર્ગના ક્રમને જાણતો નથી. કેમ કે તે સમ્યક્‌શ્રદ્ધા પહેલાં સમ્યક્‌ચારિત્ર ઈચ્છે છે. પણ જો પર્યાયદૃષ્ટિ જ રાખીને પોતાને રાગવાળો માની લ્યે તો રાગ ટળે કઈ રીતે? સમ્યગ્દૃષ્ટિ જીવો અભિપ્રાય અપેક્ષાએ વીતરાગ છે અને તે જ અભિપ્રાયપૂર્વકના વિશેષ પરિણમનથી ચારિત્ર અપેક્ષાએ વીતરાગતા પ્રગટે છે. પહેલાં અભિપ્રાય અપેક્ષાએ વીતરાગતા પ્રગટ્યા વગર કોઈ જીવને ચારિત્ર અપેક્ષાએ વીતરાગતા પ્રગટે નહિ. જ્યાં સુધી રાગ રહે ત્યાં સુધી શ્રદ્ધા સમ્યક્ ન થઈ શકે એ પ્રમાણે જે માને છે તે શ્રદ્ધાગુણ અને ચારિત્રગુણના કાર્યને જુદા ન માનીને એક જ માને છે; તેને શ્રદ્ધાનો સ્વીકાર છે અને ચારિત્રનો જ. આવી સ્થિતિમાં તેને ખરેખર આત્માનો જ સ્વીકાર નથી.

પ્રશ્ન :—ભગવાનની ભક્તિ આદિનો શુભરાગ જ્ઞાનીને થાય છે તે રાગમાં પુદ્‌ગલ વ્યાપે છે તેમ કહ્યું છે તે બેસતું નથી!

યહ શબ્દ સ્યાત્ ગુણ મુખ્યકાર,
નિયમિત નહિં હોવે બાધ્યકાર. ૪૪

ઉત્તર :—રાગ છે તો જીવના પરિણામ પણ પરના લક્ષે થાય છે, જીવનો સ્વભાવ નથી, ઉપાધિભાવ હોવાથી કાઢી નાખવા માટે તેને પુદ્‌ગલકર્મનો કહ્યો છે.

**પ્રશ્ન :—જ્ઞાનમાં રાગ જણાય છે, છતાં જ્ઞાનમાં રાગ એકમેક હોય તેવું કેમ લાગે છે?**

ઉત્તર :—ભેદજ્ઞાનના અભાવથી અજ્ઞાની રાગ અને જ્ઞાનની અતિ નિકટતા દેખી એકમેક હોય તેવું માને છે પણ રાગ અને જ્ઞાન એકમેક છે નહિ.

**પ્રશ્ન :—સમયસાર સંવર અધિકારની પ્રારંભિક ગાથા ૧૮૧ની ટીકામાં કહ્યું છે કે ખરેખર એક વસ્તુ બીજી વસ્તુની નથી તેમાં એ પણ કથન કર્યું છે કે જીવ અને રાગના પ્રદેશ ભિન્ન–ભિન્ન છે. કૃપા કરી સ્પષ્ટીકરણ કરશો?**

ઉત્તર :—ખરેખર એક વસ્તુ બીજી વસ્તુની નથી તેથી બન્નેના પ્રદેશ ભિન્ન છે. આત્મવસ્તુથી શરીરાદિ પરદ્રવ્યો તો ભિન્ન છે જ પણ અહીં તો મિથ્યાત્વ રાગ-દ્વેષના જે પરિણામ છે તે નિર્મળાનંદપ્રભુ એવા આત્માથી ભિન્નસ્વરૂપે છે. તેથી પુણ્ય-પાપ ભાવ તે આત્માથી ભાવે ભિન્ન છે. ભાવે ભિન્ન હોવાથી તેના પ્રદેશ પણ ભિન્ન છે. અસંખ્ય પ્રદ શી આત્મા છે તેનાથી આસ્રવના પ્રદેશ ભિન્ન છે, એ છે તો જીવના અસંખ્ય પ્રદેશમાં જ, પણ નિર્મળાનંદપ્રભુ અસંખ્ય પ્રદેશી ધ્રુવ છે તેનાથી આસ્રવભાવના પ્રદેશ ભિન્ન છે. આત્મા અને આસ્રવની ભાવે ભિન્નતા છે તેથી તેના પ્રદેશને ભિન્ન કહ્યા છે અને આત્માના આશ્રયે પ્રગટેલી નિર્મળપર્યાય છે તેને પણ આસ્રવ વસ્તુથી ભિન્ન કહી છે. ભાવે ભિન્ન હોવાથી તેના પ્રદેશને પણ ભિન્ન કહીને વસ્તુ જ ભિન્ન છે તેમ કહ્યું.

**પ્રશ્ન :—ક્રોધાદિ ભાવો આત્માથી ભિન્ન વસ્તુ છે; એમ અહીં ક્રોધાદિ ભાવોને પણ 'વસ્તુ' કેમ કીધી?**

ઉત્તર :—'ક્રોધાદિ ભાવોને વસ્તુ એમ કીધી' કે તે ક્રોધાદિ અવસ્થામાં વીતરાગી અવસ્થાની નાસ્તિ છે, તે એક અવસ્થામાં બીજી અનંત અવસ્થાની નાસ્તિ છે, ને તે અવસ્થાની પોતાપણે અસ્તિ છે, એવો તેનો અસ્તિનાસ્તિ સ્વભાવ છે; તેથી તે પણ વસ્તુ છે. તે ત્રિકાળી દ્રવ્યરૂપ વસ્તુ નથી પણ ક્ષણિક પર્યાયરૂપ વસ્તુ છે. વિકાર વિકારપણે છે ને સ્વભાવપણે નથી, પૂર્વની કે પછીની અવસ્થાપણે નથી, જડકર્મપણે નથી; એટલે પોતાના સ્વરૂપે તે વિકારની અસ્તિ અને બીજા અનંત પદાર્થોપણે નાસ્તિ એવા અનંત ધર્મ તેનામાં સિદ્ધ થયા. એક દ્રવ્યના અનંત ગુણો, અને તે એકેક ગુણોની અનંત પર્યાયો, તે એકેક પર્યાયમાં અનંત અવિભાગ પ્રતિચ્છેદો અને એકેક અવિભાગપ્રતિચ્છેદ અંશમાં બીજા અનંત અવિભાગ અંશની નાસ્તિ છે એટલે એકેક અવિભાગ પ્રતિચ્છેદ અંશમાં અનંત અસ્તિ-નાસ્તિ ધર્મ છે.

(ક્રમશઃ)



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

**પ્રશ્ન** :—*નિમિત્ત–નૈમિત્તિક સંબંધ ઘણો ઘનિષ્ઠ છે. એક મહાપુરુષનું વચન જે અસર કરે છે, તે વાંચવાથી થતું નથી.*

**સમાધાન** :—તોપણ પોતે સ્વતંત્ર છે. ગુરુદેવ માર્ગ ચોખ્ખો કરીને ગયા છે. કરવાનું પોતાને છે.

**પ્રશ્ન** :—*શું જ્ઞાન, દર્શન, ચારિત્ર બધાંમાં પોતાના અસ્તિત્વનું જોર જ લેવાનું?*

**સમાધાન** :—હા, બધાંમાં પોતાના અસ્તિત્વનું જોર જ લેવાનું છે. હું જ્ઞાયક, હું ચૈતન્ય એમ જ્ઞાયકનું અસ્તિત્વ (પોતાનું અસ્તિત્વ) તું ગ્રહણ કર તો પોતે જેવો છે તેવો પ્રગટ થાય. તારું અસ્તિત્વ તું ગ્રહણ કર તો જે સ્વભાવ છે તે સ્વભાવ પ્રગટરૂપે પરિણમી જશે. તારું અસ્તિત્વ તેં ગ્રહણ કર્યું નથી એટલે વિભાવ પર્યાયો પ્રગટ થાય છે. તારું અસ્તિત્વ તું (પોતે) ગ્રહણ કર તો તેમાંથી સ્વભાવ પર્યાયો પ્રગટ થશે.

**પ્રશ્ન** :—*ચિંતવનમાંથી ઉપયોગ બહાર જાય ત્યારે શું કરવું?*

**સમાધાન** :—ઉપયોગ બહારમાં જાય ત્યારે જેને સહજદશા હોય છે તેને પોતાની ભેદજ્ઞાન પરિણતિ ચાલુ જ રહે છે. જિજ્ઞાસુનો ઉપયોગ બહાર જાય ત્યારે તેને અંદરમાં ભાવ એમ રહ્યા કરે કે કરવાનું બીજું છે. ઉપયોગ બહાર જતાં પરની સાથે એકત્વબુદ્ધિ થાય છે, પણ હું તો જુદો ચૈતન્ય છું એમ ભાવના રાખી શકે. જેની સહજ પરિણતિ હોય તેની તો વાત જ જુદી છે, તેને તો જ્ઞાયકની ધારા નિરંતર ચાલુ રહે છે. બહાર ઉપયોગ જાય તોપણ ભેદજ્ઞાન ક્ષણે ક્ષણે રહે છે, યાદ કરવું નથી પડતું. એકવાર સ્વભાવમાં એકત્વ થઈ જાય તેને હું જુદો છું એમ યાદ નથી કરવું પડતું. જ્યારે ઉપયોગ બહાર જાય તે ક્ષણે જુદી જ્ઞાયકની સહજ ધારા ચાલતી જ હોય છે. પણ જેને સહજદશા નથી અને તેનો ઉપયોગ બહાર જાય તો ભાવના રાખે કે કરવાનું બીજું છે, ઉપયોગ અંતરમાં જવો જોઈએ.

**પ્રશ્ન** :—*આત્માને પ્રાપ્ત કરવા ધ્યેય કોનું હોય? નિશ્ચયનું કે વ્યવહારનું?*

**ગુણ મુખ્ય કથક તવ વાક્ય સાર,**
**નહિં પચત ઉન્હેં જો દ્વેષ ધાર;**

**સમાધાન** :—ધ્યેય નિશ્ચયનું હોય, નિશ્ચયનું ધ્યેય રાખવું. વ્યવહારથી નિશ્ચયમાં જવાય નહિ. નિશ્ચયની દૃષ્ટિ, નિશ્ચય તરફ પરિણતિ કરે તો નિશ્ચયમાં જવાય છે. જે જીવો વ્યવહારમાં સર્વસ્વ માને છે, વ્યવહારથી ધર્મ થાય છે તેમ માને છે તેને તો કાંઈ અવકાશ જ નથી. આત્મા સ્વયં અનાદિ-અનંત તત્ત્વ છે, આ વિભાવ તે મારો સ્વભાવ નથી, હું ચેતનતત્ત્વ છું. એવી દૃષ્ટિ—પ્રતીતિ અને એવું ધ્યેય હોવું જોઈએ. તેવી જાતની ભાવના અને ખટક હોય તો પલટો ખાઈને પુરુષાર્થ ઊપડે છે. વ્યવહારથી નિશ્ચય થતો નથી. નિશ્ચયનું ધ્યેય, દૃષ્ટિ અને ભાવના રાખે તો પલટાવાનો અવકાશ છે. વ્યવહાર તો વ્યવહાર જ છે, બંધરૂપ છે.

સર્વસ્વભૂત તો આત્મા છે. આત્મામાંથી શુદ્ધ પર્યાય પ્રગટે છે. આ શુભ તો શુભ જ છે. જ્યાં સુધી શુદ્ધતા થતી નથી, ત્યાં સુધી શુભમાં ઊભો છે અને જ્ઞાન, દર્શન, ચારિત્રની ભાવના કર્યા કરે. પણ યથાર્થ દર્શન, જ્ઞાન, ચારિત્ર તો ચૈતન્યને ગ્રહણ કરવાથી પ્રગટ થાય છે. આત્મામાંથી જ્ઞાન-દર્શન-ચારિત્ર પ્રગટ થાય છે.

**પ્રશ્ન** :—*ચૈતન્યને ગ્રહણ કરવા માટે વાંચન, મનન, સત્પુરુષનો સમાગમાદિમાંથી વિશેષપણે શું હોય?*

**સમાધાન** :—બધું સાથે હોવું જોઈએ, વાંચન-મનન આદિ બધું ચૈતન્યની સમજણ માટે હોવું જોઈએ. આત્મા ગ્રહણ કેવી રીતે થાય તે ધ્યેય રાખીને સત્પુરુષનો સમાગમ, વાણી બધું સાથે હોવું જોઈએ. ગુરુદેવે શું કહ્યું છે? માર્ગ શું બતાવ્યો છે? તે રીતે સત્પુરુષના આશ્રયપૂર્વક પોતાની વિચારશૈલીથી પોતે નિર્ણય કરીને આત્મસ્વભાવ ગ્રહણ કરવો. ગુરુદેવે શું કહ્યું છે તેની સાથે મેળ કરીને પોતે આગળ જાય. સમજે છે તો પોતાના જ્ઞાનથી, પણ ગુરુદેવે શું માર્ગ બતાવ્યો છે તે સાથે રાખીને વિચાર કરે છે.

**પ્રશ્ન** :—*આ તત્ત્વના પોષણ માટે એકાંત વિશેષ હોવું જોઈએ એવું જરૂરી છે?*

**સમાધાન** :—એકાંતની ભાવના આવે. એકાંત વધારે હોવું જ જોઈએ એવું નથી, પણ એકાંત હોય તો વિચાર કરવાનું, વાંચન કરવાનું એક જાતનું સાધન બને છે. એકાંત હોવું જ જોઈએ એમ નથી, કોઈને વાંચન ગમે ને કોઈને એકાંતમાં ગમે એમ સૌને પોતાની પરિણતિ પ્રમાણે હોય. એકાંત હોય તો પોતાને વિચારનો-મનન કરવાનો વધારે ટાઈમ મળે.

(ક્રમશઃ) ❊

**લખિ આપ્ત તુમ્હેં ઇન્દ્રાદિદેવ,**
**પદકમલનમેં મૈં કરહું સેવ. ૪૫**

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન તથા ઉત્તર

આપેલ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા ભરો.

(૧) જેમ પાણી સ્વભાવથી ગરમ નથી, ઠંડુ છે, તેમ આ આત્મા સ્વભાવથી વીતરાગ છે, રાગી-દ્વેષી-મોહી નથી માટે................ છે. (અવિશેષ, અનન્ય, અસંયુક્ત)

(૨) અંતરાત્માની જે પર્યાયો પ્રગટ છે તે જ વખતે બહિરાત્મા અને પરમાત્માની પર્યાયો શક્તિરૂપે ..................... છે. (પ્રગટ, અપ્રગટ, અભાવ)

(૩) ............... અનાસક્તિથી અને કર્મોના ઉદયમાં લાચાર થઈને વિષયભોગ કરે છે. (મુનિ, મિથ્યાદૃષ્ટિ, સમ્યગ્દૃષ્ટિ શ્રાવક)

(૪) યોગસાર શાસ્ત્રમાં યોગીન્દુદેવે શાસ્ત્રની શરૂઆતમાં જ સૌથી પહેલા ................... પરમેષ્ઠીને નમસ્કાર કર્યા છે. (અરિહંત, સિદ્ધ, સાધુ)

(૫) જે શરીર આદિથી ભિન્ન અવિનાશી આત્માને જાણતા નથી તે ઉત્કૃષ્ટ તપ કરવા છતાં ............... ને પામતા નથી. (સ્વર્ગ, નિર્વાણ, નરક)

(૬) શુદ્ધ આત્માઓમાં શુદ્ધપર્યાયો જ પ્રગટ થાય છે કેમકે અશુદ્ધ પર્યાયો થવા માટે ................... દ્રવ્યનું કોઈ નિમિત્ત નથી. (પુદ્ગલ, કાળ, આકાશ)

(૭) શરીરના નાશથી મારું મરણ થયું માની અજીવ અવસ્થાને જીવ પોતાની અવસ્થા માને છે તે ................ તત્ત્વ સંબંધી ભૂલ છે. (અજીવ, જીવ, મોક્ષ)

(૮) પાંચ સમવાયમાં પૂજ્ય ગુરુદેવશ્રી ................ ઉપર ભાર મૂકતા હતા. (સ્વભાવ, કાળલબ્ધિ, પુરુષાર્થ)

(૯) જે અવસ્થાઓ દ્વારા અને જે રીતે જીવ જોવામાં આવે છે તેવી જ રીતે શોધી જાણી લેવામાં આવે તે અવસ્થાને .................. સ્થાન કહે છે. (જીવ, માર્ગણા, ગુણ)

(૧૦) જિનેન્દ્ર પૂજા કરવાનું પ્રયોજન ................... પ્રાપ્ત કરવા માટે છે. (ઉત્કૃષ્ટ પુણ્ય, દેવગતિ, વીતરાગતા)

(૧૧) છ કારકોમાં માટી સ્વયં ઘડારૂપ થઈ તેમાં ઘડો માટીથી અભિન્ન હોવાથી માટી પોતે જ ઘડાનો ................ છે. (કર્તા, સંપ્રદાન, કર્મ)

(૧૨) .............. થી કર્મનો બંધ અને મોક્ષ કહ્યો છે. (પરિણામો, ભાવના, ઈચ્છા)

(૧૩) આ લીલું છે, આ પીળું છે, ઈત્યાદિ વિકલ્પરૂપે જ્ઞેય પદાર્થોમાં પરિણમવું તે .............નો ભોગવટો છે. (જ્ઞાન, સ્વભાવ, કર્મ)

(૧૪) સમ્યક્રત્નત્રય મોક્ષમાર્ગ છે કે નહિ એમ વિકલ્પ કરીને એક પક્ષનું ગ્રહણ ન કરવું તે .............. મિથ્યાત્વ છે. (સંશય, વિપરીત, અજ્ઞાન)

(૧૫) ૪ થી ૬ ગુણસ્થાનમાં વધતો વધતો ............ ઉપયોગ છે.(અશુભ, શુભ, શુદ્ધ)

(૧૬) પૂજ્ય બહેનશ્રીના વચનામૃત બોલ–૩૭૩ અન્વયે બધા તાળાની એક જ ચાવી ............નો અભ્યાસ કરવો. (છ દ્રવ્યો, શાસ્ત્ર, જ્ઞાયક)

(૧૭) ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ આ ચારેય દ્રવ્યમાં એક સમાન સદશ .............. પર્યાય થયા કરે છે. (મલિન, સ્વભાવ, વિભાવ)

(૧૮) .............. શાસ્ત્રનાં પરિશિષ્ટમાં ૪૭ નયોનું વર્ણન આચાર્યદેવે કરેલ છે (સમયસાર, પ્રવચનસાર, નિયમસાર)

(૧૯) જ્ઞાનીની અશુભથી છૂટીને શુભમાં પ્રવૃત્તિ કરવી તેને વ્યવહારથી ............... કહે છે. (ચારિત્ર, જ્ઞાન, દર્શન)

(૨૦) સંજ્વલન કષાયનો મંદ ઉદય સાતમાથી ................ ગુણસ્થાન સુધી રહે છે. (બારમા, દશમા, તેરમા)

## પ્રૌઢ માટેના આપેલ પ્રશ્નોના ઉત્તર

| | | | |
|---|---|---|---|
| (૧) અસંયુક્ત | (૬) પુદ્ગલ | (૧૧) કર્તા | (૧૬) જ્ઞાયક |
| (૨) અપ્રગટ | (૭) અજીવ | (૧૨) પરિણામો | (૧૭) સ્વભાવ |
| (૩) સમ્યક્દૃષ્ટિ શ્રાવક | (૮) પુરુષાર્થ | (૧૩) કર્મ | (૧૮) પ્રવચનસાર |
| (૪) સિદ્ધ | (૯) માર્ગણા | (૧૪) સંશય | (૧૯) ચારિત્ર |
| (૫) નિર્વાણ | (૧૦) વીતરાગતા | (૧૫) શુભ | (૨૦) દશમા |

## વૈરાગ્ય સમાચાર :–

* સુરેન્દ્રનગર નિવાસી મંજુલાબેન ત્રંબકભાઈ શેઠ રાણપુરવાળાનું તા. ૫-૧-૨૦૨૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* મુંબઈ નિવાસી અલકાબેન કિશોરભાઈ મહેતા (ઉ.વ. ૬૩)નું તા. ૯-૧-૨૦૨૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* માટુંગા મુંબઈ નિવાસી કમલાબેન ભાઈલાલભાઈ શાહ (ઉ.વ. ૯૦)નું તા. ૧૧-૧-૨૦૨૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* ભાવનગર(વાંકાનેર) નિવાસી (હાલ મુંબઈ) શ્રીમતી ભારતીબેન અનિલભાઈ ગાંધી (ઉ.વ. ૭૭)નું તા. ૧૩-૧-૨૦૨૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* અમદાવાદ નિવાસી જ્યોત્સનાબહેન કમલેશભાઈ શાહ (ઉ.વ. ૬૯)નું તા. ૧૩-૧-૨૦૨૫ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૩૦ થી ૬-૫૦ | : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | શ્રી સમયસાર ઉપર (૧૮મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૩૦ થી ૮-૩૦ | : | શ્રી પુરુષાર્થસિદ્ધિઉપાય ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

### ✻ શ્રી સીમંધરસ્વામી જિનમંદિરનો ૮૫મો વાર્ષિક અષ્ટાહ્નિક મહોત્સવ ✻

સુવર્ણપુરીના શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરનો ૮૫મો વાર્ષિક અષ્ટાહ્નિક મહોત્સવ મહાવદ-૯ તા. ૨૨-૨-૨૦૨૫, શનિવારથી તા. ૧-૩-૨૦૨૫ ને શનિવાર ફાગણ સુદ-૨ સુધી શ્રી વીસ વિહરમાન જિન મંડલ વિધાન, જિનેન્દ્ર ભક્તિ તથા તત્ત્વજ્ઞાનની ઉપાસના આદિ તથા વિભિન્ન કાર્યક્રમપૂર્વક સહ ઉજવવામાં આવશે.

### ✻ શ્રી પંચમેરુ–નંદીશ્વર જિનાલય વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ ✻

શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયનો ૪૧મો વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ ફાગણ સુદ ૩, રવિવાર, તા. ૨-૩-૨૦૨૫ થી ૬-૩-૨૦૨૫ ગુરુવાર સુધી આનંદોલ્લાસ સહ શ્રી પંચકલ્યાણક વિધાન તથા પૂજાભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

### ✻ ફાલ્ગુની નંદીશ્વર–અષ્ટાહ્નિકા ✻

ફાગણ માસની નંદીશ્વર-અષ્ટાહ્નિકા, સુવર્ણપુરીના શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં તા. ૭-૩-૨૦૨૫, શુક્રવારથી તા. ૧૪-૩-૨૦૨૫ શુક્રવાર સુધી શ્રી પંચમેરુ-નંદીશ્વર વિધાનપૂજા તથા ભક્તિ વગેરે કાર્યક્રમ સહ ઊજવવામાં આવશે.

**✻ શ્રી પરમાગમમંદિર વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ** : ફાગણ સુદ-૧૩, તા. ૧૧-૩-૨૦૨૫, મંગળવારના દિવસે શ્રી પરમાગમમંદિરનો ૫૨મો વાર્ષિક પ્રતિષ્ઠાદિન શ્રી મહાવીર-કુંદકુંદ દિગંબર જૈન પરમાગમમંદિરમાં પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

### ✻ નાંદીવિધાન કળશ ઘટપૂરણ વિધિ ✻

વસઈ-મુંબઈમાં થનાર સ્ફટિકના ધાતકીખંડના ભાવિ તીર્થંકરની વેદી પ્રતિષ્ઠા અંતર્ગત તા. ૨૯-૧૨-૨૦૨૪ રવિવારના રોજ સવારે શ્રી નાંદીવિધાન કળશની ઘટપૂરણવિધિ સોનગઢમાં પ્રતિષ્ઠાચાર્ય શ્રી સુભાષભાઈ શેઠ દ્વારા વસઈ, મુંબઈ, સોનગઢના મુમુક્ષુઓ તથા બ્રહ્મચારી બહેનોની ઉપસ્થિતિમાં સાનંદ સંપન્ન થઈ.

## ચોવીસમી બાલસંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર સાનંદ સંપન્ન

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી તથા પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ સુવર્ણપુરી (સોનગઢ)માં શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત તથા શ્રી કહાન પુષ્પ પરિવાર આયોજિત ચોવીસમી બાલ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિરનું તા. ૨૫-થી ૩૦ ડિસેમ્બર ૨૦૨૪ છ દિવસીય આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૫-૧૨-૨૦૨૪ના રોજ શિબિરનો પ્રારંભ ટ્રસ્ટીઓ, શિબિરાર્થી તથા મહેમાનોની ઉપસ્થિતિમાં મંગલ દીપ પ્રગટાવી કરવામાં આવ્યો હતો. બાળકો માટે દરરોજ સવારે સુવર્ણપુરીના વિભિન્ન મંદિરોમાં જિનેન્દ્ર અભિષેક, પૂજા, ભક્તિનો કાર્યક્રમ રાખવામાં આવેલ તથા શિબિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સવારે શ્રી પરમાત્મપ્રકાશ, બપોરે શ્રી પ્રવચનસાર તથા રાત્રિમાં પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા તેમજ બહેનશ્રીનાં વચનામૃત ઉપર વિડિયો પ્રવચનો ચાલતા હતા. શિબિરમાં બાળકો તેમજ વડીલોને માટે ઉંમર અનુસાર દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, સુખ ને વીર્ય એમ છ વિભાગો પાડી દિવસમાં ત્રણ કલાક 'ચાર અનુયોગ' પર વિદ્વાનો દ્વારા અધ્યાપન કાર્ય કરવામાં આવતું હતું. રાત્રિના પ્રવચન પછી સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરેલ હતું. જેમાં આપણા મુમુક્ષુ મંડળના બાળકો દ્વારા ભક્તિ, એકાંકી સંવાદ, નાટક, ધાર્મિક ક્વીઝ વિગેરે પ્રોગ્રામનું આયોજન થયેલ.

આ શિબિરમાં ૨૨૫ બાળકો તથા અન્ય ૭૦૦ જેટલા યુવાન તથા વડીલોએ લાભ લીધો હતો. બાળકોને વિશેષરૂપે પ્રોત્સાહિત કરવા તેમના માટે ટી-શર્ટ, ચાર અનુયોગને દર્શાવતી દૈનિક ડાયરી તથા કિટબેગ વિ. આપવામાં આવી હતી. તા. ૨૯-૧૨-૨૪ના રોજ પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પ્રતિષ્ઠિત થયેલ મંદિરો સાવરકુંડલા, અમરેલી, લાઠી, કાનાતળાવના મંદિરોના દર્શનનું આયોજન કરવામાં આવેલ હતું. આ મંડળો દ્વારા બાળકો તથા યાત્રિકોનું ભાવભર્યું સ્વાગત તથા દર્શન અને ભક્તિનો કાર્યક્રમ દરેક મંદિરમાં યોજાયો હતો. આ મંડળોના ટ્રસ્ટીઓએ બાળકો સાથે ગુરુદેવશ્રી તથા ભગવતીમાતાના જૂના સંસ્મરણો અને તે વખતના વડીલોનો ધર્મ પ્રત્યેની અર્પણતાનો ઈતિહાસ ફરીથી તાજો કર્યો હતો.

આયોજકો તથા શ્રી કહાન પુષ્પ પરિવારના કાર્યકર્તાઓ દ્વારા શિબિરાર્થીઓ માટે આવવા-જવાની, આવાસની, ભોજનની તથા યાત્રાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ શિબિરના સૌજન્યનો લાભ (૧) મુમુક્ષુ મંડળ ઑફ ગ્રાન્ડ રેપીડ, **USA** (૨) રાજુલ શાહ, ફ્લોરિડા-**USA** તથા સહ સૌજન્યનો લાભ (૧) શ્રી નવીનભાઈ પોપટલાલ શાહ, બોરીવલી (૨) શ્રી ભરતભાઈ કાંતિલાલ કામદાર, ચેન્નાઈ, (૩) એક મુમુક્ષુભાઈ (૪) શ્રી ચંદુલાલ જગજીવન પારેખ પરિવારને મળેલ હતો.

---

## ✻ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૯૩મો સમ્યક્ત્વજયંતી મહોત્સવની મંગલ પત્રિકા લેખનવિધિ સાનંદ સંપન્ન ✻

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ૯૩મો સમ્યક્ત્વજયંતી મહોત્સવ બૃહદ મુંબઈ મુમુક્ષુ મંડળ દ્વારા ઊજવવામાં આવનાર છે. આ મહોત્સવની પત્રિકા લેખનવિધિ પોષ સુદ-ચૌદશ, તા. ૧૨-૧-૨૦૨૫, રવિવારના રોજ સવારે જંબૂદ્વીપ સંકુલમાં પૂજન પછી પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન થયું, ત્યાર બાદ સર્વે મુમુક્ષુઓ પૂજ્ય ગુરુદેવશ્રીના અંતેવાસી બા.બ્ર. ચંદુભાઈ જોબાલિયાના નિવાસસ્થાને ગયા હતા ત્યાં પત્રિકાને ભક્તિ સહ વધાવવામાં આવેલ. ત્યારબાદ વાજતે-ગાજતે ભક્તિ કરતાં કરતાં પત્રિકાને પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને થઈને મંડપમાં લાવવામાં આવેલ હતી. પૂજ્ય ગુરુદેવશ્રીનું માંગલિક અને બહેનશ્રીના માંગલિક બાદ પત્રિકા લેખનવિધિના સૌજન્યકર્તા શ્રી વસંતલાલ ખીમચંદ જોબાલિયા પરિવાર વતી શ્રી કીર્તિભાઈ જોબાલિયા દ્વારા પત્રિકાનું ભાવવાહી વાંચન કરવામાં આવેલ. પછી પત્રિકા લેખન વિધિ સર્વ પ્રથમ સૌજન્યકર્તા પરિવાર દ્વારા ત્યાર બાદ અન્ય મહાનુભાવો દ્વારા ભજનમંડળીના ભક્તિના સૂરો અને હર્ષોલ્લાસ સહ સાનંદ સંપન્ન થઈ.

## શ્રી જમ્બૂદ્વીપ-બાહુબલી જિનાયતન પ્રતિષ્ઠા પ્રથમ વાર્ષિક દિન તથા શ્રી બાહુબલી મુનીન્દ્ર મહામસ્તકાભિષેક હર્ષોલ્લાસપૂર્વક સાનંદ સંપન્ન

શ્રી જમ્બૂદ્વીપ-બાહુબલી જિનાયતન પ્રથમ વાર્ષિક દિન પોષ સુદ-૧૩, તા. ૧૧-૧-૨૦૨૫, શનિવારથી પોષ સુદ ૧૫ તા. ૧૩-૧-૨૦૨૫, સોમવાર ત્રિદિવસીય મહોત્સવરૂપે દેશ-વિદેશથી પધારેલા હજારો સાધર્મીઓના ઉત્સાહ સહિત ભવ્યતાપૂર્વક ઉજવવામાં આવ્યો, જેમાં પધારેલા મુમુક્ષુઓએ જિનેન્દ્રદેવના દર્શન, પૂજન, ભક્તિ તેમજ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો લાભ લીધો હતો. આ પ્રસંગે બાહુબલી પહાડ તેમજ સમગ્ર સંકુલને લાઈટ આદિથી સુશોભિત કરવામાં આવેલ હતું જે જોઈને મુમુક્ષુઓ વર્ષ પૂર્વ થયેલ પ્રતિષ્ઠાના સ્મરણો યાદ કરતા હતા.

તા. ૧૧-૧-૨૦૨૫ના રોજ સવારે મંડપમાં પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા, જિનેન્દ્ર અભિષેક પછી જંબૂદ્વીપ સંકુલમાં શ્રી સીમંધર જિનાલયમાં પૂજન પછી શ્રી સીમંધર ભગવાન, પાર્શ્વનાથ ભગવાન, અને ભાવિ ભગવાનના છત્ર, ચામર, ભામંડળ, અને કળશ ને ધ્વજા લાભાર્થી પરિવારો દ્વારા ચઢાવવામાં આવી. આ પ્રસંગની સમગ્ર વિધિ પ્રતિષ્ઠાચાર્ય શ્રી સુભાષભાઈ શેઠ દ્વારા કરવામાં આવી હતી. આ ત્રિદિવસીય મહોત્સવના પૂજન હેતુ સીમંધર જિનાલય (પ્રવચનમંડપ)ની પૂર્વ દિશામાં પૂજન મંડપની વ્યવસ્થા કરવામાં આવી હતી જેમાં બેસીને મુમુક્ષુઓએ પૂજનનો લાભ લીધો હતો. બપોરે પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચન બાદ જમ્બૂદ્વીપ સંકુલમાં જિનેન્દ્ર ભક્તિ અને સાંજે મંડપમાં સાંજી ભક્તિ રાખવામાં આવેલ હતી. આ પ્રસંગે સવારે પૂજ્ય ગુરુદેવશ્રીના સવારે શ્રી સમયસારજી શાસ્ત્ર, બપોરના શ્રી નિયમસાર તથા રાત્રે પુરુષાર્થસિદ્ધિઉપાય શાસ્ત્ર ઉપરના પ્રવચનો ચાલતા હતા.

તા. ૧૨-૧-૨૦૨૫ના રોજ સવારે જંબૂદ્વીપ સંકુલમાં પૂજન, પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન, તથા પૂજ્ય બહેનશ્રીની ૯૩મી સમ્યક્ત્વજયંતી પત્રિકા લેખનવિધિ મંડપમાં થઈ હતી. બપોરના પ્રવચન પછી જિનેન્દ્ર રથત્રાનું આયોજન કરવામાં આવેલ હતું. આ રથમાં પ્રતિષ્ઠાના વિધિનાયક શ્રી આદિનાથ ભગવાનને બિરાજમાન કરવામાં આવેલ હતા. ભગવાનના રથની સાથે શ્રી કુંદકુંદાચાર્ય, પૂજ્ય ગુરુદેવશ્રીનું સ્ટેચ્યુ તથા બહેનશ્રીના ચિત્રપટ સાથેની બગી તેમજ ભજનમંડળીના ભક્તિના સૂરો સાથે વિશાળ સંખ્યામાં મુમુક્ષુઓ ચાલતા હતા. તે જ દિવસે સાંજે સાંજીભક્તિનું આયોજન શ્રી બાહુબલી ભગવાન સમક્ષ કરવામાં આવ્યું હતું. જેમાં ભજનમંડળીના ભક્તિના સૂરોમાં મુમુક્ષુઓના હૃદય ઉલ્લસિત થઈ ગયા હતા.

તા. ૧૩-૧-૨૦૨૫ના રોજ પ્રાતઃ ૭.૨૦ થી શ્રી બાહુબલી મુનીન્દ્રના મસ્તકાભિષેકનો પ્રારંભ થઈ ગયો હતો જે લગભગ ૯.૪૫ સુધી ચાલ્યો જેમાં મોટા ભાગના મુમુક્ષુ ભાઈઓ લાભ લીધો હતો. ત્યારબાદ પહાડ ઉપર શ્રી બાહુબલી મુનીન્દ્ર સમક્ષ પૂજન પછી પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન રાખવામાં આવેલ હતું. આ જ દિવસે સાંજે જંબૂદ્વીપ સંકુલમાં આરતી પણ કરવામાં આવેલ હતી.

### મહોત્સવના વિશિષ્ટ કાર્યક્રમો

● શ્રી બાહુબલી મુનીન્દ્ર મહામસ્તકાભિષેકનો લાભ બહારગામના મુમુક્ષુઓ જે આવી શક્યા ન હોય તેમને માટે તા. ૧૪ જાન્યુઆરીથી ૨૨ જાન્યુઆરી સુધી સવારે ૭.૨૦ થી ૮.૩૦ સુધી રાખવામાં આવેલ જેમાં સ્થાનિક તેમજ બહારગામથી પધારેલ મુમુક્ષુઓએ અભિષેકનો રોજ લાભ લેતા હતા.

● સાંસ્કૃતિક કાર્યક્રમમાં પ્રથમ દિવસે શુક્રવાર અને રવિવાર જે આપણી ઓનલાઈન પાઠશાળા ચાલે

છે તેમના દ્વારા જ્ઞાનની વૃદ્ધિ ને આત્માની રુચિ વધે તે હેતુથી ઓનલાઈન તેમજ ઓફલાઈન ધાર્મિક હાઉઝીનું આયોજન કરવામાં આવેલ. જેનું સ્ટેજ સંચાલન વિદ્વાન શ્રી નીતિનભાઈ શેઠ દ્વારા સુંદર રીતે કરવામાં આવેલ હતું. ● બીજે દિવસે 'જિનાગમ રહસ્ય' નામનું નાટક પ્રસ્તુત કરવામાં આવેલ. જેમાં ૬૩ શલાકાપુરુષ અને તેની આરાધનાનો દર્શાવતો પ્રથમાનુયોગ જેમાં કુલકરથી માંડી ભગવાન આદિનાથ વૈરાગ્ય, ભરત-બાહુબલી યુદ્ધાદિ પ્રસંગો સંક્ષેપમાં બતાવવામાં આવેલ. જીવનો કર્મ સાથેનો સંબંધ અને તેને સૂક્ષ્મતાથી દર્શાવતો સાથે જેમાં વસ્તુસ્વરૂપ, ત્રિલોકરચના, ભેદાભેદ સ્વરૂપનું ગણિત આદિ માધ્યમથી દર્શાવતો કરણાનુયોગ જેમાં અકૃત્રિમ જિનાલયની રચના સંક્ષેપમાં દર્શાવવામાં આવેલ. મોક્ષમાર્ગમાં આરૂઢ થયેલા જીવોની અંતરંગ બાહ્યદશા, ચારિત્રનું વર્ણન કરતો ચરણાનુયોગ જેમાં બાહુબલીના વૈરાગ્ય તેમજ બાર ભાવનાનું સંક્ષેપમાં વર્ણન કરવામાં આવેલ. જેમાં નવ તત્ત્વ, છ દ્રવ્ય, નિમિત્ત-નૈમિત્તિક, ઉપાદાન-નિમિત્ત, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય આદિ ભાવ દર્શાવતો દ્રવ્યાનુયોગ જેમાં આનંદની પરિણતિ (પૂજ્ય માતાજીને સમ્યક્ત્વની પ્રાપ્તિ) દર્શાવવામાં આવેલ. આ નાટક ૯૮ જેટલા કલાકારો દ્વારા પ્રસ્તુત કરવામાં આવેલ જે ખૂબ જ ભાવવાહી અને ભવ્ય રીતે દર્શાવવામાં આવેલ હતું. ● ત્રીજે દિવસે શ્રી બાહુબલી મુનીન્દ્રની પાષાણથી પ્રતિષ્ઠા (૨૦૦૮-૨૦૨૪) સુધીની ડોક્યુમેન્ટરી ફિલ્મ દર્શાવવામાં આવેલ હતી.

● આ ઉત્સવમાં તા. ૧૧-૧-૨૦૨૫ના રોજ ગુરુ કહાન કલા સંગ્રહાલયમાં ઈષ્ટોપદેશ ગ્રંથના આધારે ૫૧ ગાથા ઉપર ૫૨ ચિત્ર બનાવવામાં આવ્યા છે તેનું ઉદ્‌ઘાટન શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ અને કુંદકુંદકહાન પારમાર્થિક ટ્રસ્ટના સંયુક્ત તત્ત્વાવધાનમાં ટ્રસ્ટીગણ, વિશિષ્ટ અતિથિઓ તથા સાધર્મી મહાનુભાવોની ઉપસ્થિતમાં કરવામાં આવેલ. ચિત્રોને નિહાળીને સૌએ આ ઉત્તમ પ્રયાસની અનુમોદના કરી હતી.

● આ ત્રિદિવસીય મહોત્સવમાં એક એ.આઈ. ફોટો બુથ કે જે જિનમંદિરના પાછળના ભાગમાં રાખવામાં આવેલ હતું. જેમાં મુમુક્ષુઓના ફોટા પાડી તેમને પ્રતિષ્ઠાના પાત્રો જેવા કે ઈન્દ્ર, ઈન્દ્રાણી, ઐરાવત હાથી ઉપર આદિ પ્રતિષ્ઠાને અનુરૂપ એ.આઈ. ટેકનીકથી બનાવીને મુમુક્ષુઓને ફોટો આપવામાં આવતો હતો જેમાં ઘણા બધા મુમુક્ષુઓને પોતાનો ફોટો કરાવ્યો હતો.

● જનકલ્યાણ ટ્રસ્ટ સંબંધિત વિશેષ જાણકારી સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ વતી આપવામાં આવેલ હતી જેમાં ટ્રસ્ટીઓએ કહ્યું હતું કે વધારેમાં વધારે મુમુક્ષુઓ સોનગઢ નિવાસ કરે અને પોતાની ધર્મસાધના કરે. સ્વાસ્થ્યને લગતી શક્ય તેટલી વધારેમાં વધારે સુવિધા દવાખાનામાં આપવાનો પ્રયત્ન થઈ રહ્યો છે.

● આ કહાની છે એક યુગપુરુષની કે જે મનુષ્યથી ભગવાન બનવાની, આ ગાથા છે ધર્મ, કર્મ ને નિર્વાણની, વિશ્વાસને ઈતિહાસને જોડતી યુગયુગાંતરથી અંતરથી જાગૃત જીવીત આ કહાની છે આદિપુરુષની અયોધ્યાથી લઈને કૈલાસ સુધીની યાત્રા અને તેમના ભવ્ય પંચકલ્યાણકની કે આપણે ત્યાં ગત વર્ષે ઉજવાઈ ગયા તેની એક ફિલ્મ બનાવવામાં આવી રહી છે જે ટૂંક સમયમાં સિનેમાઘરમાં દર્શાવવામાં આવનાર છે તેનું ટ્રેલર રજૂ કરવામાં આવ્યું હતું.

● સમયસાર સ્તુતિમાં આવે છે કે ''બનાવું પત્ર કુંદનના, રત્નોના અક્ષરો લખી, તથાપિ કુંદસૂત્રોના અંકાયે મૂલ્ય ના કદી'' આ ભાવના શ્રી રાજેશભાઈ સંઘવી, મુંબઈને ઘણા વર્ષોથી ચાલતી હતી તેમની આ ભાવના ફળીભૂત થઈ રહી છે. સુવર્ણના પત્ર પર હીરાથી જડેલ અક્ષરોમાં શ્રી સમયસારજી જિનવાણીના ૪૧૫ ગાથાઓને ઉત્કીર્ણ કરવામાં આવેલ છે જે નજીકના સમયમાં પ્રસંગોમાં દર્શનાર્થે રાખવામાં આવશે.

## સોનગઢ મેસેજ સ્પર્ધા-૨૦૨૫

**સૌજન્યકર્તા :**
**નમન, નમિતા ભાવેશ ભાયાણી, બોરીવલી**

નવી યુવા પેઢીને સ્વાધ્યાયમાં અભિરુચિ વધે તેને ધ્યાનમાં રાખીને આ વર્ષથી મુમુક્ષુઓ સોનગઢ મેસેજ સ્પર્ધામાં નીચેમાંથી કોઈપણ એક સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

### સ્પર્ધા-૧

૧) (i) સોનગઢ મેસેજ સ્પર્ધા-૨૦૨૫માં ભાગ લેવા માટે ઓછામાં ઓછા ૩૦૦ મેસેજ સ્વહસ્તાક્ષરમાં તારીખ સાથે લખવા આવશ્યક છે. સ્પર્ધાનો સમય ૧-૧-૨૦૨૫ થી ૨૦-૧૨-૨૦૨૫

૩૦૦ મેસેજ લખી નોટબુક તા. ૨૫-૧૨-૨૦૨૫ સુધીમાં સોનગઢ મોકલનાર (આ સ્પર્ધામાં કોઈપણ ઉંમરના મુમુક્ષુ ભાગ લઈ શકશે.) દરેકને રૂા. ૩૦૦/- નું પ્રોત્સાહન ઈનામ આપવામાં આવશે.

(ii) જે સ્પર્ધકોએ પોતાની મેસેજ બુકને વિશેષરૂપથી સુશોભિત કરી હશે તેમને નીચે મુજબના પુરસ્કાર આપવામાં આવશે.

(A) ૧૮ વર્ષ સુધીની ઉંમરના બાળકોનો વિભાગ : પ્રથમ ૨૦૦૦/- દ્વિતીય ૧૫૦૦/- તૃતીય ૧૦૦૦/- રૂપિયા (B) ૧૮ વર્ષથી ૩૫ વર્ષની ઉંમરવાળા મુમુક્ષુઓનો વિભાગ. પ્રથમ ૨૦૦૦/- દ્વિતીય ૧૫૦૦/- તૃતીય ૧૦૦૦/-રૂપિયા (C) ૩૫ વર્ષથી ઉપરની ઉંમરવાળા મુમુક્ષુઓનો વિભાગ. એક ઈનામ ૧૫૦૦/- રૂપિયા

### સ્પર્ધા-૨

૨) (i) મેસેજ સ્પર્ધા-૨૦૨૫માં ભાગ લેવા માટે સોનગઢ મેસેજમાંથી PPT Presentation તૈયાર કરવાનું રહેશે.

(ii) આખા વર્ષ દરમ્યાન આવેલ સોનગઢ મેસેજમાંથી કોઈ એક Theme પર PPT બનાવવાની રહેશે. જેમકે પૂજ્ય ગુરુદેવશ્રી, પૂજ્ય બહેનશ્રી, મુનિરાજ, શાસ્ત્ર.

(iii) PPT ની ઓછામાં ઓછી ૧૦ અને વધુમાં વધુમાં ૧૫ Slide બનાવવાની રહેશે. PPT બનાવ્યા પછી તેનો ત્રણ મિનિટનો એક વિડિયો બનાવવાનો રહેશે. જેમાં સ્પર્ધકે પોતાના PPT બાબત સમજાવવાનું રહેશે. આ PPT અને વિડિયો સોનગઢના ઈમેલ contact@kanjiswami.org પર તા. ૧-૧૨-૨૦૨૫ સુધીમાં મોકલવાનો રહેશે. જેમાંથી બેસ્ટ PPT સિલેક્ટ કરી ડિસેમ્બર-૨૦૨૫ બાલ શિબિર વખતે સ્ક્રીન પર દેખાડવામાં આવશે.

(iv) PPT અને Slide ઉપર પ્રમાણે બનાવનાર દરેકને રૂપિયા ૩૦૦/- નું પ્રોત્સાહન ઈનામ આપવામાં આવશે.

(v) જે મુમુક્ષુઓએ PPT ની Slide તથા વિડિયો બનાવી હોય તેમાંથી પ્રથમને રૂપિયા ૨૦૦૦/- અને દ્વિતીયને રૂપિયા ૧૦૦૦/- ઈનામ આપવામાં આવશે.

(૩) સોનગઢ મેસેજ સુવિધા WhatsAppમાં શરૂ કરાવવા માટે આપે પોતાનું

૧. નામ : ______________ ૨. ગામનું નામ : ______________

૩. ગુજરાતી/હિંદી : ______________ ૪. મોબાઈલ નંબર : ______________ની

વિગત Whats Appથી Mo : 9276867578 / 9322281129 ઉપર મોકલવી.

મેસેજ સંબંધી માર્ગદર્શન માટે ઉપરના મોબાઈલ નં. ઉપર ફોન કરવો અથવા contact@kanjiswami.org પર ઈ મેઈલ કરવા વિનંતી.

નવું રજીસ્ટ્રેશન કરાવનાર મુમુક્ષુઓને સવારના મેસેજ તથા સાંજની સોનગઢ રત્નકણિકા સ્વાધ્યાયનો લાભ મળશે. તથા દરેક મહિનાની ૧લી તારીખે આત્મધર્મની સોફ્ટ કોપી મળશે.

**બૃહદ્ મુંબઈ દિગંબર જૈન મુમુક્ષુ મંડળ**
**સમ્યક્ ભક્તિભાવ સહ અધ્યાત્મ અતિશયતીર્થ**
**સુવર્ણપુરીમાં સાનંદ ઊજવે છે**

**શુદ્ધાત્મદૃષ્ટિવંત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૯૩મો**

# સમ્યક્ત્વજયંતી–મહોત્સવ

ભવાંતકારી તેમજ સ્વાનુભવમુદ્રિત કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનનો અનુપમ માર્ગ બતાવી જેમણે આપણા ઉપર અનંત ઉપકાર કર્યો છે એવા આપણા પરમ તારણહાર પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ''ભાવી તીર્થંકરદ્રવ્યરૂપ'' સાતિશય મહિમા પ્રકાશિત કરવાવાળાં ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૯૩મો વાર્ષિક મંગલ 'સમ્યક્ત્વજયંતી' મહોત્સવ તા. ૨૦-૩-૨૦૨૫, ગુરુવારથી તા. ૨૪-૩-૨૦૨૫, સોમવાર (ફાગણ વદ-૧૦) સુધી શ્રી જિન સહસ્રવસુનામ પૂજા, પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીનાં સમ્યક્ત્વમહિમા ભરપૂર અધ્યાત્મિક સીડી પ્રવચનો, દેવ-ગુરુ-ભક્તિ, યાત્રાની વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પાવન દર્શન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભરી વિડિયો ધર્મચર્ચા, ધાર્મિક શિક્ષણ વર્ગ, વિશેષ ભક્તિ, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે અનેકવિધ રોચક કાર્યક્રમ સહ શ્રી બૃહદ્ મુંબઈ દિગંબર મુમુક્ષુ મંડળ દ્વારા આનંદોલ્લાસ સહ સોનગઢમાં ઊજવવામાં આવશે. સમ્યગ્દર્શનની મહિમાના આ સ્વર્ણિમ શુભ અવસર પર સમસ્ત મુમુક્ષુ સમાજને સોનગઢ પધારવાનું અમારું ભાવભીનું નિમંત્રણ છે.

● નિમંત્રણ પત્રિકા—લેખનવિધિ તા. ૧૨-૧-૨૦૨૫, રવિવારના રોજ સોનગઢમાં સાનંદ સંપન્ન થઈ હતી.

નિમંત્રક

બૃહદ્ મુંબઈ દિગંબર જૈન મુમુક્ષુ મંડળના

જય-જિનેન્દ્ર


# શ્રી જમ્બૂદ્વીપ સ્થિત શાશ્વત જિનેન્દ્રાદિ ભગવંતો અને શ્રી બાહુબલી મુનીન્દ્ર પ્રતિષ્ઠાનો પ્રથમ વાર્ષિક મહોત્સવ



આત્મધર્મ
ફેબ્રુઆરી-૨૦૨૫
અંક-૬ ● વર્ષ-૧૯

Posted at Songadh PO
Publish on 1-2-2025
Posted on 1-2-2025

Registered Regn. No. BVR-367/2024-2026
Renewed upto 31-12-2026
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org